જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૬-૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૦ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

પો.કમિશ્નર રાજીવ કુમારની ધરપકડ નહીં થાય,વધુ સુનાવણી ૨૦ ફેબ્રુઆરીએ થશે

મોદી VS મમતા: પોલીસ કમિશ્નરને સીબીઆઇ સામે હાજર થવા સુપ્રિમનો આદેશ

સુપ્રિમે મુખ્ય સચિવ, ડીજીપી, કોલકત્તા પો.કમિશ્નરને માનહાનિની અરજી પર નોટિસ મોકલી, એસઆઇટીએ પુરાવાની સાથે છેડછાડ કરી કેસની યોગ્ય તપાસ કરી જ નહીં: એટર્ની જનરલ

ભાજપ બાદ હવે કોંગ્રેસે પણ દિલ્હીમાં બોલાવ્યુ મુસ્લિમ સંમેલન

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી નજીક આવતા હવે મુસ્લિમ મતો મેળવવાની તજવીજ શરૂ કરાઈ છે. જે અંતર્ગત ભાજપના બે દિવસના રાષ્ટ્રીય અલ્પસંખ્યક સંમેલન પછી હવે કોંગ્રેસે પણ લઘુમતીઓનું અધિવેશન યોજશે. દિલ્હીના શ્રી ફોર્ટ ઓડિટોરિયમમાં થનારા કોંગ્રેસના આ કાર્યક્રમમાં પાર્ટી અધ્યક્ષ રાહુલ ગાંધીથી લઈને પાર્ટીના દરેક સીનિયર નેતા સામેલ થશે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને ભાજપ લઘુમતીઓને સાધવાના પ્રયત્નો કર્યા હતા. આ પ્રયત્નમાં ભાજપે લઘુમતી માટે ગત ગુરુવારે અને શુક્રવારે દિલ્હીમાં બે દિવસનું રાષ્ટ્રીય લઘુમતી સંમેલન રાખ્યું હતું. આ સંમેલન દ્વારા ભાજપ અધ્યક્ષ અમિત શાહ અને પાર્ટીના સીનિયર નેતાઓએ એવો મેસેજ આપવાનો પ્રયત્ન કર્યો હતો કે, ગત સરકારે અલ્પસંખ્યક અને ખાસ કરીને મુસ્લિમ સમુદાયને ડરાવવાનું કામ કર્યું છે. જ્યારે મોદી સરકાર સૌનો સાથ સૌના વિકાસ વિશે કામ કરી રહી છે.

ન્યુ દિલ્હી

પશ્ચિમ બંગાળની મમતા બેનર્જી સરકારને સુપ્રીમ કોર્ટમાંથી તગડો ઝાટકો લાગ્યો છે. સુપ્રીમ કોર્ટે શારદા ચિટફંડ કૌભાંડમાં પૂછપરચ્છ માટે કોલકત્તા પોલીસ કમિશનર રાજીવ કુમારને સીબીઆઈ સામે રજૂ થવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સાથો સાથ ચોખ્ખું કહી દીધું કે હાલ ધરપકડ નહીં થાય. આપને જણાવી દઈએ કે બંગાળના સીએમ મમતા સીબીઆઈની વિરૂદ્ધ ત્રણ દિવસથી ધરણા પર બેઠા છે. સુપ્રીમ કોર્ટના આ આદેશથી તેમને ઝાટકો લાગ્યો છે. કોર્ટે સાથો સાથ રાજયના મુખ્ય



સચિવ, ડીજીપી, અને કોલકત્તા પોલીસ કમિશનરને માનહાનિની અરજી પર નોટિસ મોકલી છે. કેસની આગળની સુનવણી ૨૦મી ફેબ્રુઆરીના રોજ થશે.

ચર્ચા દરમ્યાન સીબીઆઈની તરફથી હાજર થયેલા અટોર્ની જનરલ કેકે વેણુગોપાલે કહ્યું કે એસઆઈટી એ પુરાવાની સાથે છેડછાડ કરી અને કેસની યોગ્ય તપાસ કરી જ નહીં. તેમણે કહ્યું કે બંગાળમાં સંવૈધાનિક સંસ્થાઓ ચરમરાઈ છે. વેણુગોપાલે કહ્યું કે એસઆઈટી ડેટા અને લેપટોપને સુરક્ષિત રાખ્યા નથી. એસઆઈટી એ સીબીઆઈને ખોટા કોલ્સ ડેટા આપ્યા હતા. બંગાળ સરકારની તરફથી હાજર વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી એ કહ્યું કે સીબીઆઈ કોલકત્તા પોલીસ કમિશનરને પરેશાન કરવા માંગે છે. તેમણે કહ્યું કે સીબીઆઈ ઓફિસરોને પરેશાન કરી રહી છે.

તેના પર ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ એ કહ્યું કે રાજીવ કુમારને પૂછપરચ્છમાં શું મુશ્કેલી છે? ચીફ જસ્ટિસે કહ્યું કે આખરે કમિશનર સીબીઆઈની સામે રજૂ કેમ થઈ રહ્યા નથી? ચીફ જસ્ટિસે પૂછયું કે પશ્ચિમ બંગાળ સરકારને અમારા તપાસના આદેશથી તેમને કેવા પ્રકારની મુશ્કેલી છે.

મમતાનું ધરણા પર બેસવું લોકશાહી માટે શરમની વાત: યોગી આદિત્યનાથ

પુરુલિયા

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પુરુલિયામાં જનસભા સંબોધિત કરી મમતા બેનર્જી સરકાર પર નિશાન સાધ્યુ. તેમણે કહ્યું કે, મમતાનું ધરણામાં બેસી જવું લોકશાહી માટે શરમની વાત છે. યોગીએ કહ્યું કે, તેમના જેવા સંન્યાસીને પણ પશ્ચિમ બંગાળમાં આવવાની મંજુરી નથી આપતા, આ મમતા બેનર્જીની તાનાશાહીને દર્શાવે છે. બંગાળની ધરતી હિંદુઓમાં ગર્વ પેદા કરનારી ધરતી છે. તેમણે કહ્યું કે, મમતા બેનર્જી એક પસંદ ચૂંટાયેલા મુખ્યમંત્રી થઈને ધરણા બેસી ગઈ, આ એક લોકશાહી માટે ખુબ શરમની વાત છે. તેમને સત્તામાં રહેવાનો કોઈ અધિકાર નથી. મમતા બેનર્જી પ્રદેશના લોકો સાથે ધાર્મિક આધારે ભેદભાવ કરે છે, તે મુહર્રમના જુલુસને થવા દે છે પરંતુ દુર્ગાપુજા પર રોક લગાવે છે. તેમણે કહ્યું, સાથે જ યોગીએ કહ્યું હતું કે, જો પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર બની તો ટીએમસીના ગુંડાઓ ગળામાં તખ્તીઓ લગાડીને ફરતા જોવા મળશે. જેવી રીતે ઉત્તર પ્રદેશમાં સપા-બસપાના ગુંડાઓ ગળામાં તખ્તી લગાવીને પોતાના જીવની ભીખ માંગી રહ્યાં છે. યોગીએ સવાલ કર્યો હતો કે, મમતા એ ભ્રષ્ટ અધિકારીના ઘરે કેમ ધરણા પર બેઠા હતાં. તેમણે કહ્યું હતું કે, પોતાના આ કારનામાઓ છુપાવવા માટે મમતા બેનરજી બંગાળમાં મારા જેવા 'સન્યાસી' અને 'યોગી'ને પગ મુકવા દેવા નથી માંગતી.

હળવદ ધાગ્રંધ્રાના ધારાસભ્ય પરસોતમ સાબરીયા હાલ જેલમાં બંધ

મોરબી નાની સિંચાઈ કૌભાંડમાં ધારાસભ્યની જામીન અરજી કોર્ટે ફગાવી



મોરબી જીલ્લામાં ચકચારી સિંચાઈ કોભાંડમાં ઝડપાયેલ હળવદના ધારાસભ્ય સહિતના આરોપીઓ જેલમાં બંધ છે જેમાં તાજેતરમાં મંડળી આગેવાન દ્વારા હાઈકોર્ટમાં કરવામાં આવેલી જામીન અરજી હાઈકોર્ટે સ્વીકારી આરોપીના જામીન મંજુર કર્યા હતા તો જેલમાં બંધ હળવદના ધારાસભ્યએ આજે કોર્ટમાં જામીન અરજી કરી હતી જોકે મોરબી કોર્ટે જામીન અરજી ફગાવી દીધી છે. હળવદ સિંચાઈ કોભાંડમાં આરોપી નિવૃત કાર્યપાલક ઈજનેર સી.ડી. કાનાણી, રાજકોટના રહેવાસી ચૈતન્ય જયંતિલાલ પંડ્યા, વેગડવાવ મજુર સહકારી મંડળીના ભરતભાઈ રાઠોડ અને ગણપતભાઈ રાઠોડ, હળવદના ધારાસભ્ય પરષોતમ સાબરીયા અને મળતિયા વકીલ ભરત ગણેશીયા સહિતના આરોપીની અટકાયત કરવામાં આવી હતી અને આરોપીઓ જેલમાં બંધ હોય જેમાં સહકારી મંડળીના આગેવાન ગણપતભાઈ રાઠોડે હાઈકોર્ટમાં કરેલી અરજીને પગલે તેના જામીન મંજુર થતા તેનો થોડા દિવસ પહેલા જામીન પર છુટકારો થયો હતો તો આજે હળવદના ધારાસભ્ય પરષોતમ સાબરીયાએ જામીન અરજી કરી હતી જોકે મોરબી કોર્ટે આરોપી ધારાસભ્યની જામીન અરજી ફગાવી દીધી છે અને ધારાસભ્યને જેલમાં જ રહેવું પડશે તો અગાઉ પણ ધારાસભ્ય દ્વારા જામીન અરજી કરવામાં આવી છે જેને કોર્ટે મંજુર કરી નથી.

સીટોની વહેંચણી મામલે જેડીયૂ અને કોંગ્રેસના નિવેદનો આમને-સામને

રાહુલ ગાંધી હોટવાર જેલમાં માથુ નહી ટેકવે ત્યાં સુધી સીટોની કોઈ વહેંચણી નહી થાય: જેડીયૂ

૯ ફેબ્રુઆરીએ કોંગ્રેસે તમામ રાજ્યોના કોંગ્રેસ અધ્યક્ષોને બેઠક માટે દિલ્હી બોલાવ્યા

પટના

લોકસભા ચૂંટણીમાં ભાજપા વિરુદ્ધ દેશના લગભગ બધી જ રાજકીય પાર્ટીઓ મહાગઠબંધનથી જોડાઈ છે. પરંતુ જેમ-જેમ ચૂંટણીનો સમય નજીક આવી રહ્યો છે, તેમ-તેમ મહાગઠબંધનમાં સીટોની વહેંચણી મામલે ગુંચવણ વધી રહી હોવાના અહેવાલ છે.

સીટોની વહેંચણી મામલે બિહાર કોંગ્રેસ અધ્યક્ષ મદન મોહન ઝાએ દાવો કર્યો છે કે, ૧૦ ફેબ્રુઆરી પછી મહાગઠબંધનમાં સીટોની વહેંચણી પર અંતિમ વિચારણા કરવામાં આવશે. જ્યારે જેડીયૂએ કોંગ્રેસના દાવાથી તદન વિરુદ્ધ જ નિવેદન આપતા જાહેરાત કરી છે કે, જ્યાં સુધી રાહુલ ગાંધી હોટવાર જેલમાં લાલૂ પ્રસાદ સામે માથુ નહી ટેકવે ત્યાં સુધી સીટોની વહેંચણીનો કોઈ નિર્ણય લેવાશે નહી.

એક તરફ કોંગ્રેસની જન આકાંક્ષા રેલી સમાપ્ત થઈ ચૂકી છે, પરંતુ હજુ સુધી મહાગઠબંધનમાં સીટોની વહેંચણી મામલે કોઈ નિર્ણય લેવાયો નથી. અહીં સુધી કે આ મામલે કોઈ પ્રક્રિયા પણ શરુ કરાઈ હોવાના અણસાર નથી. સૂત્રોની માહિતી મુજબ મહાગઠબંધનના બધા જ દળોમાં આ મામલે મોટી તિરાડ પડી છે.

૯ ફેબ્રુઆરીએ કોંગ્રેસ અધ્યક્ષે દેશના તમામ રાજ્યોના કોંગ્રેસ અધ્યક્ષોને બેઠક માટે દિલ્હી બોલાવ્યા છે. આ બેઠકનો મુખ્ય ઉદેશ લોકસભા ચૂંટણીની તૈયારી હોવાનું માનવામાં આવી રહ્યું છે. સંભવત આ બેઠકમાં સીટોની વહેંચણીનો નિર્ણય પણ લેવાશે.

બીજી તરફ માનવામાં આવી રહ્યું છે કે, લાલૂ પ્રસાદ યાદવ કોંગ્રેસને પોતાની સામે ઝૂકાવવાના પ્રયત્ન કરી રહ્યા છે જેના કારણે મહાગઠબંધનમાં સીટોની વહેંચણીનો મુદ્દો હજી સુધી ઉકેલાયો નથી.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847 Whats-App
7575006848 Time 10 am
7575006850 to 5 pm

MARKET 4U™

ના ઓનલાઇન પ્લેટફોર્મમાં

આપના વ્યવસાયની ફિક્સ જાહેરાત

રૂપિયા ૫૧૦૦/- (+ટેક્સ)માં ત્રણ વર્ષ માટે મુકાવો

અને મેળવો

આપના વાહનની સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ (GPS) તદ્દન મફત

આપના બંધ પડેલ જીપીએસ ફક્ત ૫૦૦ રૂપિયામાં ચાલુ કરી આપવામાં આવશે.

દરેક શહેરમાં એજન્ટ નિમવાના છે

સંપર્ક : ૭૫૭૫૦૦૬૮૪૭

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

Http://www.connectindians.in આ MARKET4U ની વેલકમસાઈટ છે જ્યાં

માત્ર ૫૫૦/-માં PLAN - A		માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME	LEVEL	INCOME
1st	80/-	1st	600/-
2nd	60/-	2nd	400/-
3rd	50/-	3rd	300/-
4th	40/-	4th	200/-
5th	30/-	5th	100/-
		6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ધનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશોષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

ચંદનચોર ટોળકીને પકડવા ૪૦ કર્મીઓ દ્વારા પેટ્રોલિંગ

તાલાલાનાં જંગલમાં ૮ દિવસમાં ચંદનનાં કિંમતી ૪૮ વૃક્ષ કપાયા

તાલાલા પંથક ના જંગલ માં છેલ્લા ૮દિવસ માં ચંદન ના ૪૮ કિંમતી વૃક્ષોનું કટીગ થતા વનતંત્ર ચોકી ઉઠ્યું છે.આ અંગે અજાણ્યાં શખ્સો સામે ગુન્હો દાખલ કરાયો છે.જંગલ ની ઝાડીમાં છપાયેલા ચંદન ના ૨૫ વૃક્ષોના કપાયેલા લાકડા વનતંત્ર એ કબ્જે કર્યા છે. ચંદન ચોર ટોળકીને પકડવા ૪૦ કર્મીઓ દ્વારા પાંચ મોબાઈલ વાહનો સાથે રાખી પેટ્રોલિંગ શરૂ કરાયું છે.

ચોકી ઉઠેલા વનતંત્ર દ્વારા ચંદનચોર ટોળકીએ જંગલની ઝાડીમાં છુપાયેલા ચંદન ના ૨૫ જેટલા વૃક્ષોના કપાયેલા લાકડા કરાયા કબ્જે.

તાલાલા પંથક માં હડમતીયા ગીર વિસ્તાર માં જંગલમાંથી છેલ્લા આઠ દિવસ દરમિયાન અલગ અલગ જગ્યાએ થી કુલ ૪૮ ચંદન ના વૃક્ષોનું કટીગ થતા વન વિભાગ ચોકી ઉઠ્યું છે. જંગલ માંથી ચંદનના કિંમતી વૃક્ષો નું કટીગ કરનાર શખ્સો ને ઝડપી લેવા તાલાલા બામણાસા-સાસણ ગીર અને બાબરીયા એમ આર રેન્જનો કુલ ૪૦ કર્મચારીનો સ્ટાફ દિવસ રાત કામે લાગ્યો છે. તાલાલા પંથક માં જંગલની ફરતે પાંચ મોબાઈલ વાન સાથે ફરતું પેટ્રોલિંગ થઈ રહ્યું છે. વન વિભાગ ના સ્ટાફે ચંદન ચોર ટોળકી એ જંગલની ઝાડીમાં છુપાવેલ ૨૫ જેટલા ચંદન ના વૃક્ષો ના કટીગ થયેલ લાકડા કબ્જે કર્યા હતા.

જંગલ માંથી ૪૮કિંમતી ચંદનના વૃક્ષોનું કટીગ કરનાર અજાણ્યા શખ્સો સામે તાલાલા રેન્જમાં ગુન્હો દાખલ કરી ચંદન ચોર ટુકડી ને ઝડપી લેવા જંગલ ખાતું દનિષ્ઠ પેટ્રોલિંગ સાથે કાર્યવાહી શરૂ કરી હોવાનું તાલાલા આર.એફ.ઓ. દિપક અગ્રાવતે જણાવ્યું હતું ચંદન માં વૃક્ષોનું કટીગ કરનાર ટુકડી પરપાંત ની હોવાની શંકા વ્યક્ત કરી હતી.

ગણદેવીમાં ટ્રેક્ટર પલ્ટી જતા મહારાષ્ટ્રના મજૂરનું કરૂણ મોત

ખેરગામ-દુવાડા માર્ગ પર ટ્રેક્ટરને નડેલી દુર્ઘટના

નવસારી

ગણદેવીના ખેરગામથી દુવાડા જતા રોડ પર ગણેદવી શુગર ફેક્ટરીનો ટ્રેક્ટર પલટી જતા ટ્રેક્ટર ડ્રાઈવર મહારાષ્ટ્રના શ્રમજીવીનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ગણદેવી સુગર ફેક્ટરીના પડાવ પાસે રહેતા ભાઈદાસ ઉકાભાઈ પવાર ગઈકાલે પોતાનું ટ્રેક્ટર પર પોતાના પિતા ઉકાભાઈ ગાડાભાઈ પવાર ઉ.વ.૬૫ મૂળ રહે. તળનતાડ, પો.આમડદે, તા.ભણોવ, મહારાષ્ટ્રની સાથે ટ્રેક્ટર લઈને પૂરપાટ ઝડપે જઈ રહ્યા હતા. તે દરમ્યાન ગણદેવીના ખેરગામથી દુવાડા ગામે જતા રસ્તા પર ભાઈદાસ પવારે ટ્રેક્ટર પરથી કાબુ ગુમાવી દઈ ટ્રેક્ટર પલટી જતા તેઓ જીવ બચાવા ટ્રેક્ટર પરથી નીચે કૂટી ગયા હતા. જ્યારે તેમના પિતા ઉકાઈ પવાર ટ્રેક્ટર નીચે દબાઈ જતા શરીરે નાની મોટી ગંભીર ઈજાઓ થઈ હતી. અને લોહી લુહાણ હાલતમાં ઘટના સ્થળે તેમનું કરૂણ મોત નીપજ્યું હતુ. આ બનાવ અંગે ગણદેવી પોલીસમાં ભાઈદાસ પવારે અકસ્માત અંગે પોતાના વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે અંગેની વધુ તપાસ પીએસઆઈ બી.એન. રાયઝાદા કરી રહ્યા છે.

અમદાવાદથી કચ્છ તરફ જતી દારૂ ભરેલી સ્વિફ્ટ કાર પલટી, વિવિધ બ્રાન્ડની દારૂની બોટલો લેવા લોકોની પડાપડી



પોલીસે સમયસર પહોંચી લોકોના ટોળાને વિખેર્યું, કારચાલક ફરાર, ૨.૩૪ લાખનો દારૂ તથા ૪ લાખની કાર કુલ મુદામાલ ૬.૩૪નો મુદ્દામાલ કબજે

હળવદની મોરબી માળીયા ચોકડી પાસે આજે એક સ્વિટફ કાર સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા ડીવાઈડર સાથે અથડાઈ પલટી મારી ગય ગઈ હતી અને કારમાં વિવિધ બ્રાન્ડનો ઈંગ્લિશ દારૂ ભરેલો હોય જેથી કારચાલક નાસી ગયા હતો તો રેઢી પડેલી દારૂની બોટલો મેળવવા લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને દારૂની બોટલ લઈ ને પોબારા ભાગી ગયા હતા

દારૂ ભરેલી કારે પલ્ટી મારી હોવાની જાણ હળવદ પોલીસને થતા હળવદ પીઆઈ એમ આર સોલકી, નવ નિયુકત પીએસઆઈ જે બી ધનેસા, દેવુભા ઝાલા, વનરાજસિહ, તેજસ ભાઈ , વિપુલભાઈ નાયક રમણીકભાઈ યોગેસભાઈ , સંજયભાઈ સહીતનો સ્ટફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને પલટી મારી ગયેલી ગાડી નંબર જીજે ૦૭ એઆર ૯૨૬૪ માંથી દારૂનો જથ્થો ૨.૩૪ લાખ ૪.લાખ ની કાર કુલ મુદામાલ ૬.૩૪ લાખનો કબજે લઈને દારૂનો જથ્થો કોનો છે અને ક્યાં લઈ જવાતો હતો તે દિશામાં તપાસના ચક્રો ગતિમાન કરીયા છે, વધુ તપાસ હળવદ પોલીસ ચલાવી રહી છે

કાર પલટી મારી ગયા બાદ કારચાલક નાસી ગયાની માહિતી પણ સુત્રોમાંથી પ્રાપ્ત થઈ છે તો હળવદ પોલીસને બગાસું ખાતા મો માં પતાસું મળી ગયું હતું.

તળાજા તાલુકા યુવા કારડીયા રાજપુત સમાજ દ્વારા આવેદનપત્ર આપવામાં આવ્યુ



તા-૧૯-૧-૨૦૧૯ ના રોજ મુળ કેરાળા, તા.તળાજા ના વતની અને હાલ ભાવનગર ના કાળીયાબીડ મા વસતા રાજપુત યુવાન સુજાનસિહ લવજીભાઇ પરમાર ઉવ.૨૫ જેની ભાવનગર ના ભગવતી સર્કલ નજીક મઢુલી પાસે આવેલ શિવ પાન ગલ્લા પાસે તા,૧૯-૧-૨૦૧૯ ના રોજ રાત્રિ ના ૮:૩૦ વાગ્યા ના અરસા મા કોઇ અદાવત વગર નવ નવ જેટલા શખસો દ્વારા તલવાર, છરી જેવા ધારદાર હથીયારો થી રાજપુત યુવાન ની હત્યા કરી નાંખી હતી. અને ૧૭ ૧૭ દિવસ વીતી ગયા છતાં હત્યારા પકડ થી દુર હોય માટે આરોપી ને તાત્કાલીક જડપી લેવા કારડીયા રાજપુત સમાજે આજે બહોળી સંખ્યામાં એકઠા થય તળાજા મામલતદાર કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

જહાંગીરપુરા સ્થિત વિવેકાનંદ કોલેજમાં તસ્કરોનો હાથફેરો

કેનાલ રોડ શશાંક રો હાઉસમાં ચોરી

સુરત

જહાંગીરપુરા સ્થિત વિવેકાનંદ કોલેજમાંથી રોકડ રૂપિયા અને મોબાઈલ ફોન મળી કુલ્લે રૂા. ૧૮,૫૦૦ની મતા ચોરાઈ હતી. તેમજ અન્ય સ્થળે પણ ચોરીનો બનાવ બન્યો હતો. જહાંગીરપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ સારોલી બ્રિજ પાસે આપેલી વિવેકાનંદ કોલેજના પહેલા માળે રૂમના કબાટમાંથી અજાણ્યા તસ્કરો રોકડા રૂપિયા ૧૩,૫૦૦ અને ચોર મોબાઈલ ફોન મળી કુલ્લે રૂા. ૧૮,૫૦૦ની મતા ચોરી કરી ગયા હતા. આ બનાવ અંગે જહાંગીરપુરા પોલીસ મથકે મનીન્દર જગદીશ સિંગ પરિણીતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

જ્યારે ચોરીના બીજા બનાવમાં જહાંગીરપુરા વૈષ્ણોદેવી કેનાલ રોડ શશાંક રો હાઉસના બંગાળામાંથી અજાણ્યા તસ્કરો સોના, ચાંદીના દાગીના અને રોકડા મળી કુલ્લે રૂા. ૪૫,૦૦૦ની મતા ચોરી કરી ગયા હતા.

ગ્રાહક સુરક્ષા વિભાગ દ્વારા વેપારીઓ પાસેથી ૨૯.૬૧ લાખનો દંડ વસૂલાયો

૧૭૧ વેપારીઓ વિરૂદ્ધ પ્રોશીક્યુશન કેસ કરાયા

વલસાડ

મદદનીશ નિયંત્રક કાનૂનીમાપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીની કચેરી દ્વારા ઓકટોબરથી ડિસેમ્બર-૧૮ દરમિયાન ધી લીગલ મેટ્રોલોજી એકટ ૨૦૦૯ અને ધી ગુજરાત લીગલ મેટ્રોલોજી (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ અન્વયે વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લાના કુલ ૩૧૦૦ વેપારી એકમોની ચકાસણી અને મુદ્રાંકનની કામગીરી હાથ ધરી ચકાસણી અને મુદ્રાંકનની રૂા. ૨૬,૧૩,૨૯૯/- સરકારી ફી વસુલ કરવામાં આવી છે. જ્યારે વજનમાપ તથા પીસીઆર કાયદાના ભંગ કરવા બદલ ૧૭૧ વેપારી એકમો સામે પ્રોશીક્યુશન કેસ કરી રૂા.૯૦,૬૦૦ નો દંડ વસુલ કરાયો હતો.

વલસાડની ફ્રેશ એન્ડ ફ્રેશ ધી બેકરી સામે પેકેજડ કોમોડીટી કાયદાના ભંગ બદલ રૂા.૨૫૦૦૦, મુંદરા સ્વીટ એન્ડ ફરસાણ, વી.પી.રોડ વલસાડ અને ચામુંડા સ્વીટ એન્ડ ફરસાણ સામે નક્કી કરેલા જથ્થા કરતાં ઓછી મીઠાઈ આપવા બદલ વજનમાપ કાયદાના ભંગ બદલ રૂા.૩-૩ હજાર, બાલાજી વેફર્સ પ્રા.લી. સામે નમકીન પેકેટમાં જથ્થો ઓછો ભરતી કરવા બદલ પીસીઆર. કાયદા ભંગ માટે રૂા.૧.૫૦ લાખનો દંડ વસુલ કરવામાં આવ્યો છે.

વલસાડ જિલ્લામાં કોચવાડા-ખેરગામ રોડ ખાતે આવેલા મે.નિલકંઠ કેલીબ્રેશન સેન્ટરને પેટ્રોલિયમ ટેન્કરોનું કેલીબ્રેશન દુરસ્તીકાર અંગેનો સરકાર માન્ય પરવાનો આપવામાં આવેલો હોવાથી વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં આવેલા ટેન્કરોનું કેલીબ્રેશન પણ ઉક્ત સ્થળે થઈ શકશે, જેની ટેન્કરોના એકમોને નોંધ લેવા જણાવાયું છે.

આ ઉપરાંત ઉક્ત ત્રણ માસ દરમિયાન વલસાડ, વાંકલ, નવસારી, પરીયા અને રોહિણા મળી કુલ પાંચ જેટલી મોબાઈલ કોર્ટનું આયોજન કરી ૧૫૫ વેપારીઓ સામે પ્રોસીક્યુશન કેસ કરી રૂા. ૭૬,૪૦૦ જેટલો દંડ વસુલ કરાયો હોવાનું મદદનીશ નિયંત્રક કાનૂની માપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારી શ્રી બી.આર. વિશાણાએ જણાવ્યું છે.

સુરતમાં બોઈઝ ફ્રી સ્ટાઈલ ગ્રીકો રોમન સ્ટાઈલ રેસલિંગ ચેમ્પિયનશીપ શરૂ

રમત ગમત મંત્રી ઈશ્વરસિંહ પટેલે ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા

સુરત

ગુજરાત સ્ટેટ રેસલિંગ એસોસિએશન દ્વારા સુરત ખાતે તા.૦૨ થી ૦૫ ફેબ્રુઆરી દરમિયાન ૩૮મી બોયઝ ફ્રી સ્ટાઈલ, ગ્રીકો રોમન સ્ટાઈલ અને ૨૧મી વુમન્સ જુનિયર નેશનલ રેસલિંગ ચેમ્પિયનશીપનું આયોજન કરાયું છે. જેમાં આજરોજ સ્પર્ધાના ત્રીજા દિવસે રમતગમત અને સહકાર રાજયમંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે ઉપસ્થિત રહીને દેશભરના ૨૮ રાજ્યોમાંથી કુસ્તી સ્પર્ધામાં ભાગ લેવા આવેલા ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સુરતના અઠવાલાઈન્સ સ્થિત ઈન્ડોર સ્ટેડીયમમાં આયોજિત કુસ્તી ચેમ્પિયનશીપમાં ૫૦૦ થી વધુ પુરુષ સ્પર્ધકો અને ૨૫૦ મહિલા સ્પર્ધકોએ ભાગ લીધો છે. આ પ્રસંગે મંત્રીશ્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું કે, વિસરાતી જતી ગ્રામીણ રમતોને પ્રોત્સાહન આપવા તેમજ શાળા, કોલેજની યુવાપ્રતિભાઓ-રમતવીરો ખેલકૂદના માધ્યમથી સ્વસ્થ રહે અને સ્પોર્ટ્સના ક્ષેત્રમાં રાજ્યનું નામ રોશન કરે તેવા આશય સાથે ગુજરાતમાં ખેલમહાકુંભ રમતોત્સવ દર વર્ષે યોજાય છે. ખેલમહાકુંભની ફલશ્રુતિરૂપે વર્ષ ૨૦૧૮માં એશિયન ગેમ્સમાં દક્ષિણ ગુજરાતના ડાંગની દોડવીર ખેલાડી સરિતા ગાયકવાડે ગોલ્ડ તેમજ સુરતના માનવ ઠક્કર, હરમિત દેસાઈ અને અંકિતા રૈનાએ બોન્ઝ મેડલ મેળવીને ગુજરાત તેમજ દેશનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતી એટલે વ્યાપારી પ્રજા એવી લોકોની ધારણાને ખોટી પાડી રાજ્યનું યુવાધન રમતગમત ક્ષેત્રમાં દેશ અને દુનિયામાં યોજાતી સ્પર્ધાઓમાં ભાગ લેવાની સાથે મેડલો જીતી લાવી આગવી છાપ ઊભી કરી રહ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્ય સરકાર ખેલમહાકુંભ દ્વારા ખેલકૂદને પ્રોત્સાહન આપવા પ્રતિબદ્ધ હોવાનું જણાવી તેમણે કહ્યું કે, ખેલમહાકુંભમાં સ્પર્ધકોની પ્રતિભાને પ્રોત્સાહિત કરવા માટે રૂ.૪૦ કરોડથી વધુના ઈનામો એનાયત કર્યા છે. રાજ્યના યુવાધનમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા ખેલમહાકુંભ એક મહત્વનુ માધ્યમ બન્યું હોવાનું તેમણે કહ્યું હતું. મંત્રીશ્રીએ તમામ રાજ્યોના રેસલિંગ ખેલાડીઓને આવકારી તેમની ઉત્તરોત્તર પ્રગતિ અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે સુમુલ ડેરીના ચેરમેન શ્રી રાજુભાઈ પાઠક, સુરત ડિ.કો.ઓપ. બેંકના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલ, જિલ્લા રમતગમત અધિકારીશ્રી દિનેશભાઈ કદમ, રમતગમત અધિકારીશ્રી વિરલ પટેલ સહિત મોટી સંખ્યામાં વિવિધ રાજ્યોના અને સ્થાનિક સ્પર્ધકો, રમતગમત પ્રેમી શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા.

ઝઘડામાં ઉશ્કેરાયેલા પતિએ પત્નીને દાદર પરથી ધક્કો માર્યો

પતિએ અત્યાચાર ગુજારતા પત્નીની પોલીસ ફરિયાદ

સુરત

નજીવી બાબતમાં પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા પતિએ પત્નીના વાળ પકડી દાદર પરથી ધક્કો મારી ઢીક મુક્કીનો માર મારી પતિ ફરાર થઈ ગયો હોવાનો બનાવ ઓલપાડ પોલીસ મથકે નોંધાયો હતો.

મૂળ જૂનાગઢ જિલ્લાના મેદરડા ગામના વતની અને હાલ ઓલપાડ તાલુકાના ઉમરા ગામ શિવપાર્ક ખાતે રીયાબેન પ્રિતેશભાઈ ડાભી રહે છે. ગતરોજ પ્રિતેશ ડાભી શિહોર જવા માટે ઘરની બહાર નીકળ્યો ત્યારે અચાનક યાદ આવી જતા તેણે પત્નીને કહ્યું હતું કે, દરવાજો ખોલ મારા નાઈટ પેન્ટમાં રૂા.૬૦૦ પડ્યા છે તે મને લેવા દે. ત્યારે પત્નીએ કહ્યું કે પૈસા મારી પાસે છે. આવુ સાંભળી ઉશ્કેરાઈ ગયેલા પતિએ તેણીના માથાના વાળ ખેંચી દાદર પરથી નીચે ધક્કો મારી માર મારી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. ઓલપાડ પોલીસ મથકમાં પત્ની રીયાબેન ડાભીએ પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૨૩, ૫૦૪, ૫૦૬ (૨) મુજબનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કુંભ મેળામાં આગ લાગી, ગોરખનાથ સંપ્રદાયના ૨ ટેન્ટ બળીને ખાખ

પ્રયાગરાજ

કુંભ મેળામાં એકવાર ફરીથી આગજનીના અહેવાલો છે. આજે ગોરખનાથ સંપ્રદાયના શિબિરમાં આગ લાગી જેમાં બે ટેન્ટ બળીને ખાખ થઈ ગયાં. ટેન્ટમાં રાખેલો લાખોનો સામાન બળી ગયો. ફાયરની ગાડીઓએ જો કે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબુ મેળવી લીધો છે. હાલ આગ લાગવાનું કારણ જાણી શકાયુ નથી. અત્રે જણાવવાનું કે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ ગોરખનાથ સંપ્રદાયના મહંત છે. આ અગાઉ ૧૯ જાન્યુઆરીના રોજ પણ કુંભમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. આ અકસ્માત કુંભના સેક્ટર ૧૩માં થયો હતો. આગની ઘટનામાં કેટલાક ટેન્ટ બળીને ખાખ થઈ ગયા હતાં. ઘટનાની જાણકારી મળતા જ ફાયરની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયરની ગાડીઓએ પણ તે વખતે આગ પર કાબુ મેળવી લીધો હતો. તે અગાઉ કુંભ મેળો શરૂ થયો તેના એક દિવસ પહેલા પણ અહીં આગના કારણે અકસ્માત થયો હતો. જો કે આ આગ પણ સમયસર બુજાવી દેવાઈ હતી. અત્રે જણાવવાનું કે કુંભ મેળાની શરૂઆત ૧૫ જાન્યુઆરીથી થવાની હતી પરંતુ તે અગાઉ જ ૧૪ જાન્યુઆરીએ દિગંબર અખાડાના ટેન્ટમાં આગ લાગી ગઈ હતી.

પતિની જાણ બહાર પરિણીતાએ પ્રેમી યુવાન સાથે લગ્ન કરી લીધા

મામલો પોલીસમાં પહોંચતા પરિણીતા અને પ્રેમી યુવકની ધરપકડ

સુરત

અંકલેશ્વરના કોસમડી ગામે રહેતાં ઈસમની પત્નીએ ખોટા દસ્તાવેજ બનાવીને પ્રેમી સાથે લગ્ન કરી લેવાની ફરિયાદમાં બેય આરોપીને જીઆઈડીસી પોલીસે રાજસ્થાનથી ઝડપી પાડ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર મૂળઈ આસામના જોરદારના રહેવાસી શ્યામ સુંદર રામકુમાર અગ્રવાલ અંકલેશ્વરના કોસમડી ગામ સ્થિત અંબ્રેગ્રીન સિટીના મકાન નં. બી-૧૨૪માં રહે છે અને કન્સ્ટ્રકશનના વ્યવસાય સાથે સંકળાયેલાં છે. તેમના પત્ની અંજુ શ્યામ સુંદર અગ્રવાલને રાજસ્થાનનાં જયપુર ખાતે રહેતા હેમરાજ હનુમાન બેરવા સાથે પ્રથમ સોશિયલ સાઈટ પર પરિચય થયો હતો અને નિયમિત સંપર્કના પગલે બેય વચ્ચે પ્રણય પાંગર્યો હતા. હેમરાજે અંજુને પ્રેમજાળમાં ફસાવી લગ્ન કરવાનું જણાવતાં પ્રેમમાં અંધ અંજુ અવાર નવાર ખોટું બોલીને તેને મળવા જયપુર પણ પહોંચી હતી. વર્ષ ૨૦૧૭થી તા. ૧૪/૫/૨૦૧૮ દરમિયાન કોઈપણ સમયે અંજુ અને હેરાજે શ્યામ સુંદર અગ્રવાલને અંધારામાં રાખી કાવતરું રચીને ૫૦૦ રૂા.ના સ્ટેમ્પ પેપર પર ડિસ્ક્રીશનમાં અંજુએ ડિવોર્સી લખીને પાછળના ભાગે સદંતર ખોટી વિગતો દર્શાવી હતી એટલું જ નહીં પરંતુ કોઈ સ્ટેમ્પ વેન્ડરના એટેસ્ટેડ અને ગોળ સિક્કા મારેલા પેપર્સ મેળવી અને ગોળ સિક્કાવાળો ભાગ કાપીને પોતાના અનેપોતના પતિ શ્યામ સુંદરની ખોટી ડિવોર્સી ડીડ બનાવી હતી. આ ખોટા દસ્તાવેજોના આધારે અંજુએ હેમરાજ સાથે લગ્નકરી લીધા હતાં અને બંને જયપુર ખાતે રહેતાં હતાં. બનાવ અંગે શ્યામ સુંદર અગ્રવાલે અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ મથકે ફરિયાદ નોંધાવ્યા બાદ પોલીસ સઘન શોધખોળ આરંભીને આરોપી અંજુ તથા હેમરાજને જયપુર ખાતે અગ્રવાલ ફર્મમાંથી ઝડપી પાડ્યાં હતાં. જીઆઈડીસી પોલીસે બંનેની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

હાથ લાગ્યો

ગોડાદરા મહારાણા સર્કલ પાસે રાત્રિ સમયે એક સાથે આઠ દુકાનોના તાળા તોડી ચોરી

સુરત

ગોડાદરા મહારાણા સર્કલ પાસે ગતરાત્રિ દરમિયાન લક્ષ્મીપાર્ક, અંબિકા હાઈટ્સ અને સફાયર એઈટના એક સાથે ૮ દુકાનોના શટર ઊંચુ કરીને કોઈ ઈસમોએ ૩૭ હજારના ૮ મોબાઈલ તેમજ રોકડા રૂા. ૨૫ હજાર મળી કુલ્લે ૬૦ હજારની મતા ચોરી ગયો છે.

લીંબાયત પોલીસ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરાત્રિ દરમિયાન મહારાણા સર્કલ ગોડાદરા પાસે ૮ દુકાનોના શટરને વચ્ચેથી ઊચુ કરી અને તાળા તોડીને અજાણ્યા તસ્કરો ચોરી કરી ગયા છે.

ગોડાદરા લક્ષ્મીપાર્ક રો હાઉસમાં આવેલ દુકાન નં. ૪માં માનસી મોબાઈલ એસેસરીઝ દુકાનમાંથી ૭ નંગ મોબાઈલ અને રોકડા ૪૦૦૦ની ચોરી થઈ છે. દુકાન નં. ૧૨માં માય ચોઈસ આઈસ્ક્રીમ દુકાનમાંથી ૧ મોબાઈલ અને ડ્રોઅરમાંથી રોકડા ૬૦૦૦ની ચોરી થયા છે. દુકાન નં. ૧૫ મંગલમ ટી.વી. પેલેસનું શટલ પણ તોડવામાં આવ્યું હતું. બાજુમાં આવેલ અંબિકા હાઈટ્સમાં દુકાન નં. જી-૧માં મહાકાલ કોલ્ડ્રીંક્સનું શટલ ઊંચુ કરી ટેબલના ડ્રોઅરમાંથી રોકડા રૂા. ૧૧,૦૦૦, દુકાન નં. બી/જી/૩નું શટર ઊંચુ કરવામાં આવ્યું, પરંતુ કાંઈ ચોરાયુ નથી, દુકાન નં. બી/જી/૬નું શટર ઊંચુ કરી કાગળ વેર વિખેર કરવામાં આવ્યા હતા. પાડોશમાં આવેલ સફાયર એઈટમાં દુકાન નં. ૪૧ ભગવાની કિરાણાનું શટર ઊંચુ કરી ડ્રોઅરમાંથી રોકડા ૨૦૦૦ રૂપિયા દુકાન નં. ૩૭ શિવશક્તિ કિરણામાંથી શટર ઊંચુ કરી ડ્રોઅરમાંથી રોકડા ૨૮૦૦ની ચોરી થઈ હતી.

ઉપરોકત તમામ ચોરી અંગે માનસી મોબાઈલ એસેસરીઝના નેપાલાસિંગ હિંમતસિંગ સોલંકી ઉ.વ. રો પ્લોટ નં. ૧૫૭ માનસરોવર સોસાયટી ગોડાદરાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. ઉપરોકત તમામ ૮ દુકાનોના શટર ઊંચુ કરીને અંદરથી ૮ નંગ મોબાઈલ કિંમત ૩૭૭૪૯, તથા રોકડા રૂપિયા ૨૫૦૦૦ મળી કુલ્લે ૬૦૭૪૯ની મતા ચોરી થઈ છે. લીંબાયત પોલીસે ચોરીની ફરિયાદ નોંધી આજુબાજુના વિસ્તારમાં દુકાનો અને ફલેટમાં લાગેલ સીસીટીવી ફૂટેજ જોઈ આરોપીઓ અંગેની તપાસ હાથ ધરી છે.



અજાણ્યા મૃતકના વાલીવારસો સંપર્ક કરે

વલસાડ

વલસાડ તાલુકાના જોરાવાસણ અને બીલીમોરા રેલવે સ્ટેશન વચ્ચે તા.૩/૨/૧૯ના રોજ બપોરે ૨-૫૫ પહેલાં કિમીનં.૨૧૨/૧૬ પાસે ડાઉન લાઈન પર એક અજાણ્યો વ્યક્તિ ટ્રેન આગળ પડતું મૂકતાં તેના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેનું મરણ થયું હતું. જેના વાલીવારસોની તપાસ કરતાં તે મળી આવ્યા નથી. મૃતકની ઉંમર આશરે ૪૦ વર્ષ, રંગે શ્યામવર્ણ, ઊંચાઈ પ.૬ ફૂટ, માથાના વાળ કાળા, શરીરે સફેદ પીળા કાળા કલરની પટ્ટાવાળી તથા સફેદ ભુરા કલરની ફુલ બાંયની બે ટીશર્ટ તથા મરુન કલરની કોસ નીકર અને કાળા કલરનુ હાફ પેન્ટ પહેર્યું છે.

મૃતકના જમણા હાથની કલાઈ ઉપર BABURAM SETHI તથા દિલ આકારનું છુંદણું ગુંથાવેલું છે. આ વર્ણનવાળા વ્યક્તિના જો કોઈ વાલીવારસ હોય તો ડુંગરી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

ઉધના ઝોને જાન્યુઆરી મહિનામાં રૂા.૨.૧૭ કરોડનો વેરો વસૂલ કર્યો

નાણાંકીય વર્ષમાં કુલ રૂા.૨૩.૫૨ કરોડની વસૂલાત

સુરત

મ્યુનિ. કમિશનરના આદેશાનુસાર સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન ઉધના આકારણી અને વસૂલાત વિભાગ દ્વારા ખટોદરા, ઉધના, પાંડેસરા, ઉન, બમરોલી, વડોદ વગેરે વિસ્તારમાં સઘન ઝુંબેશ હાથ ધરી મિલ્કત વેરા તથા વ્યવસાય વેરો ભરપાઇ નહીં કરનાર મિલ્કતોને સીલ કરવા, નળ કાપવાની કામગીરી તથા ખુલ્લા પ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જેમા આજરોજ કલ્યાણ કુટીર, શ્રીરામકુટીર, દત્તકુટીર ઉધના તથા બમરોલી ગોવાલક વગેરે વિસ્તારમાં રહેણાંક મિલ્કતોના નળ કનેકશન કાપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ જે હેઠળ ૧૫ જેટલા નળ કનેકશન કાપવામાં આવેલ તથા ભેસ્તાન જીઆવબુડીયા વિસ્તારમાં ખુલ્લા પ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ તથા ૫૫ જેટલા ખુલ્લા પ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ તથા ૫૫ જેટલા ખુલ્લા પ્લોટ ટાંચમાં લઈ બોર્ડ પ્રસિદ્ધ કરવાની કાર્યવાહી હાથ ધરેલ ઉપરાંત વ્યવસાય વેરા વિભાગ દ્વારા પ્રમુખપાર્ક, તુલસીધામ વગેરે ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોમાં વ્યવસાય વેરાની વસૂલાતની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.

આ કાર્યવાહીમાં જાન્યુઆરી માસ દરમિયાન કુલ ૧૨૦૦ જેટલી મિલકતો સીલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ જે કાર્યવાહી દરમિયાન ૧૧૪૬ જેટલા મિલકતદારો દ્વારા સ્થળ પર વેરા ભરપાઈ કરતાં કુલ રૂા.૭.૪ કરોડ જેટલી રકમ વસૂલાત થયેલ ચાલુ નાણાંકીય વર્ષમાં જાન્યુઆરી માસ દરમ્યાન રૂા.૯.૭૭ કરોડ અને તા.૩૧-૧-૨૦૧૯ સુધીમાં કુલ ૧૮૦.૯૫ કરોડ જેટલી વસૂલાત થયેલ છે.

વધુમાં વ્યવસાય વિભાગ દ્વારા લાંબા સમયતી બાકીદારોની મિલ્કતોને સીલ મારવાની કાર્યવાહી કરતાં રૂા.૪.૮૫ લાખની વસૂલાત સથળ ઉપર કરવામાં આવેલ છે. જ્યારે રૂ.૨.૧ લાખના એડવાન્સ ચેક મળી કુલ રૂા.૬.૮૬ લાખની વસૂલાત કરવામાં આવેલ તથા જાન્યુઆરી ૨૦૧૯ દરમિયાન રૂા.૨.૧૭ કરોડ વસૂલાત થયેલ અને ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન તા.૩૧-૧-૨૦૧૯ સુધીમાં રૂપિયા કુલ ૨૩.૫૨ કરોડ જેટલી વસૂલાત થયેલ છે.

ફેબ્રુઆરી-૨૦૧૯ના ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે તા.૧૦મી સુધીમાં અરજીઓ મોકલી આપવી

તા.૨૭ મીએ તાલુકા અને તા.૨૮ મીએ જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

વલસાડ

રાજયમાં નાગરિકોના ગ્રામ કે તાલુકા કક્ષાના પ્રશ્નો/ ફરિયાદો અસરકારક અને ન્યાયિક રીતે હલ થાય તે માટે રાજય સરકાર દ્વારા જિલ્લા અને તાલુકા સ્વાગત કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં ગ્રામજનોએ પોતાના પડતર પ્રશ્નો અને રજૂઆત અંગેની અરજીઓ *''મારી અરજી તાલુકા સ્વાગતમાં લેવી''* તેવા મથાળા હેઠળ તા. ૧૦મી ફેબ્રુઆરી, ૨૦૧૯ સુધીમાં સંબંધિત ગામના તલાટી કમ મંત્રીને સંબોધીને મોકલી આપવાની રહેશે. આ અરજીઓ પૈકી તાલુકા કક્ષાએથી નિકાલ કરવાની થતી હોય તે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં અને જે અરજીઓ જિલ્લા કક્ષાએથી નિકાલ કરવાની થતી હશે તે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં નિકાલ કરવામાં આવશે.

તાલુકા સ્વાગત કાર્યક્રમ તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે સંબંધિત તાલુકા મામલતદાર કચેરી ખાતે, જયારે જિલ્લા સ્વાગત કાર્યક્રમ તા.૨૮ મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે કલેક્ટર કચેરી, વલસાડના સભાખંડ ખાતે યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં હાજર રહેવા માટે સંબંધિત અરજદારને અગાઉથી જાણ કરવામાં આવશે. તેઓએ તાલુકા કે જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં હાજર રહી રજૂઆત કરવાની રહેશે.

આ કાર્યક્રમમાં કોર્ટ કેસ, સબ જ્યુડીશીયલ બાબતો, માહિતી અધિકાર હેઠળની અરજીઓ, સેવાકીય બાબતો, કોઇ ખાતાની નિમણુંકની બાબતો, અરજદારની સહી વગરની અરજીઓનો સમાવેશ કરવામાં આવશે નહીં. સ્વાગત કાર્યક્રમમાં અરજદાર દ્વારા બે થી વધુ પ્રશ્નો રજૂ કરી શકશે નહીં, તેમ નિવાસી અધિક કલેકટર, વલસાડ દ્વારા એક યાદીમાં જણાવાયું છે.









તંત્રી સ્થાનેથી...

ઠંડીથી દુનિયા બેહાલ

હાલના દિવસોમાં માત્ર અમેરિકા અને યુરોપમાં જ નહીં બલ્કે સમગ્ર ઉત્તરીય ધ્રુવ પર પડી રહેલી કાતિલ ઠંડીના કારણે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. હવામાન વિભાગ તરફથી આ અભૂતપૂર્વ ઠંડી માટે પોલાર વોર્ટેક્સને જવાબદાર ગણવામાં આવે છે. આર્કટિક ઉત્તાં પોલર વોર્ટેક્સથી હવામાં ઉતારચઢાવના કારમે ગયા ડિસેમ્બરથી લઈને હજુ સુધી ઉત્તરીય હિસ્સામાં કાતિલ ઠંડી યથાવત રીતે જારી છે. શિકાગોમાં તાપમાન શુન્યથી માઈનસ ૪૦ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયુ છે. એમ માનવામા આવે છે કે આવનાર દિવસોમાં સ્થિતી વધારે ખરાબ થઈ શકે છે. આ શહેર આર્કટિક કરતા પણ વધારે ઠંડુ બની શકે છે. હવામાન વિભાગના કહેવા મુજબ તાપમાન શુન્યથી ૪૦ અને અહીં સુધી કે માઈનસ ૭૦ સુધી નીચે પહોંચી શકે છે. આવા હવામાનમાં ૧૦ મિનિટ સુધી પણ જો ખુલ્લા આસમાનની નીચે રહેવામાં આવે તો જીવલેણ સાબિત થઈ શકે છે. આ ગાળા દરમિયાન ઈલિલોઈસ, વિક્સોન્સીસ અને અલબામા તેમજ જ્યોર્જિયામાં ભારે હિમવર્ષા થવાની ચેતવણી જારી કરવામાં આવી છે. હવામાન વિભાગના કહેરને ધ્યાનમાં લઈને અમેરિકાના કેટલાક વિસ્તારોમાં તો ઈમરજન્સી જાહેર કરી દેવામાં આવી છે. ઠંડીના કારણે દેશના કેટલાક અલગ અલગ વિસ્તારોમાં હજુ સુધ સાત લોકોના મોત થઈ ચુક્યા છે. બ્રિટનમાં તો સ્થિતી એવી થઈ ગઈ છે કે લોકો પરેશાન થયેલા છે. પાણી બરફ થઈ જતા લોકોના જીવન પર તેની અસર થઈ છે. ઉત્તર ભારતમાં પણ હાલના સમય પર અસામાન્ય ઠંડીની સ્થિતી જોવા મળી રહી છે. જમ્મુ કાશ્મીરમાં તો હાલમાં છેલ્લા ૩૦ વર્ષની સૌથી કાતિલ ઠંડીના રેકોર્ડ પણ તુટી ગયા છે. મંગળવારના દિવસે રાજસ્થાનના ચુરુ ખાતે પારો માઈનસ ૧.૧ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. હવામાન વિભાગના કહેવા મુજબ આ ઠંડીની પાછળ પણ પોલાર વોર્ટિક્સને જવાબદાર ગણવામાં આવે છે. આવી સ્થિતીમાં ઠંડીથી પરેશાન થયેલા લોકો પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે હજુ વધારે ઠંડી પડશે તો હાલત ગંભીર બની શકે છે. જ્યારે ગ્લોબલ વોર્મિંગની સ્થિતી છે તો આટલી ઠંડી કેમ પડી રહી છે તેવા પ્રશ્ન પણ કરવામાં આવી રહ્યા છે. રસપ્રદ બાબત તો એ છે કે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પોતે કહ્યુ છે કે ગ્લોબલ વોર્મિંગની સ્થિતી પરત આવી જાય. તેના પર તેમની ખુબ મજાક પણ થઈ ચુકી છે. વૈજ્ઞાનિકો કહે છે કે ગ્લોબલ વોર્મિંગનો અર્થ હવામાનમાં ગરમી આવવા સુધીનુ કારણ નથી બલ્કે જળવાયુ અસંતુલિત થવાનુ છે. આવી સ્થિતીમાં કેટલીક જગ્યાએ વધારે ઠંડી અને કેટલીક જગ્યાએ વધારે ગરમી પડી રહી છે. એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વર્ષ ૧૯૫૦માં અમેરિકામાં સૌથી વધારે ગરમી પડી હતી અને સૌથી વધારે ઠંડી પડવાની સ્થિતીના દિવસો બરોબર હતા. વર્ષ ૨૦૦૦ના ધસકમાં ગરમીના દિવસોની સંખ્યા ઠંડીના દિવસોની સંખ્યા કરતા બે ગણી થઈ ગઈ છે. આનો અર્થ એ થયો કે ઠંડીના દિવસોમાં જોરદાર ઠંડી તો પડી રહી છે પરંતુ ઠંડીની સાથે તેના દિવસો ઘટી રહ્યા છે. ભારતમાં આ વખતે એવા પહાડી વિસ્તારોમાં બરફ પડ્યો છે જ્યાં છેલ્લા ૧૦ વર્ષમાં કોઈ હિમ વર્ષા થઈ નથી.

ચેતવણી : પાંચ પૈકી ચારની બિનસક્રિય લાઈફ

શહેરી ભારતીય લાઈફ સ્ટાઈલ ખતરનાક સ્વરૂપ લઈ રહી છે. ભારતીઓ નબળા હાર્ટ ધરાવે છે. તે બાબત આંકડાકીય પુરાવા મારફતે પણ સાબિત થઈ ચુકી છે. નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકા અને યુરોપ કરતા ભારતીઓમાં જોખમી પરિબળો વધારે છે. ભારતીઓ હાર્ટના રોગ માટે વધુ જોખમકારક છે. આના માટે અનેક કારણ જવાબદાર છે. ખૂબ ઓછી શારિરીક પ્રવૃતિ, હાઈફેટ ડાઈટ અને ફળ અને શાકભાજી ખાવાનું પ્રમાણ ઘટી જતા આ સ્થિતિ સર્જાઈ છે. દુબઈમાં હાલમાં જ વર્લ્ડ કોંગ્રેસ ઓફ કાર્ડિઓલોજીમાં જણાવવામાં આવ્યું છે કે ૫ ભારતીઓ પૈકી ૪ બિન સક્રિય લાઈફ સ્ટાઈલ ધરાવે છે. આમાથી અડધા હાઈફેટ ડાઈટ ધરાવે છે. ઈન્ડિયન હાર્ટચોય નામથી પ્રકાશિત કરાયેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં હાર્ટના રોગ માટે જોખમી પરિબળો ખૂબ જ વધારે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકા અને યુરોપિયન દેશો જેવા વિકશિત વિસ્તાર કરતા ભારતમાં જોખમી પરિબળો વધુ છે. અભ્યાસ મુજબ ધુમ્રપાન, શારિરીક પ્રવૃતિમાં અભાવ, સ્થૂળતા, ડાયાબિટીસ, હાઈબ્લડ પ્રેશર અને કોલેસ્ટેરોલ જેવા બાયોલોજીકલ પરિબળો પણ રહેલા છે. અભ્યાસ દશાવિ છે કે અમેરિકા કરતા ભારતીઓમાં જોખમી પરિબળો વધી ગયા છે. જયપુર સ્થિત કાર્ડિઓલોજીસ્ટ રાજીવ ગુમાના નેતૃત્વમાં એક સંશોધન ટીમે કહ્યું છે કે શહેરી સામાજિક વિકાસની પ્રવૃતિ અસંતુલિત રહી છે. દિલ્હી, મુંબઈ જેવા મોટા શહેરોને તારણો રજૂ કરતીવેળા ઈન્ડિયન હાર્ટચોય દ્વારા આવરી લેવામાં આવ્યા હતા. આશરે ૭૯ ટકા પુરુષો અને ૮૩ ટકા મહિલાઓ શારિરીક રીતે બિન સક્રિય છે. જ્યારે ૫૧ ટકા પુરુષો અને ૪૮ ટકા મહિલાઓ હાઈફેટ ડાઈટ ધરાવે છે. ૬૦ ટકા પુરુષો અને ૫૭ ટકા મહિલાઓ ફળ અને શાકભાજીનું ઓછું પ્રમાણ ધરાવે છે. ૧૨ ટકા પુરુષો અને ૦.૫ ટકા મહિલાઓ ધુમ્રપાન કરે છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧ ટકા પુરુષો અને ૪૫ ટકા મહિલાઓ વધુ વજન ધરાવે છે અથવા તો સ્થૂળતાથી ગ્રસ્ત છે. હાઈબ્લડ પ્રેશનની ટકાવારી પણ ભારતીઓમાં ખૂબ ઉંચી છે. મળેલી માહિતી મુજબ પુરુષોમાં હાઈબ્લડ પ્રેશરની ટકાવારી ૩૩ ટકા છે. જ્યારે મહિલાઓમાં આ ટકાવારી ૩૦ ટકાની આસપાસ છે. હાઈ કોલેસ્ટેરોલ પણ તમામ પુરુષો અને મહિલાઓ પૈકી એક ચતુરથાન્સમાં જોવા મળે છે. ૩૪ ટકા પુરુષો અને ૩૭ ટકા મહિલાઓ ડાયાબિટીસના સકંજામાં છે. આ અભ્યાસના તારણ ચિંતા ઉપજાવે છે. ભારતીઓમાં નબળા હાર્ટની પણ સમસ્યા છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આંકડાઓ પ્રકાશિત કરવામાં આવ્યા છે.

જુસ્સા સાથે કેન્સર જંગ જીતાશે



ભારતમાં ૨૫ લાખ કેન્સરના દર્દી છે અને બીજી સૌથી મોટી જીવલેણ બિમારી બની ચુકી છેઃ ૧૦ લાખ કેન્સરના કેસ દર વર્ષે સપાટી પર

કેન્સર બિમારીનુ નામ આવતાની સાથે જ લોકો લાઈફને લઈને ઉદાસીન થઈ જાય છે. તેમની હિમ્મત અને જુસ્સાનો અંત આવી જાય છે. ખુબ ઓછા લોકોને આ બિમારને લઈને પુરતી માહિતી છે. મોટા ભાગના લોકો આ બિમારના નામથી જ ભયભીત થઈ જાય છે. બિમારીને લઈને વધારે જાગૃતિ જગાવવા માટે દર વર્ષે ચોથી ફેબ્રુઆરના દિવસે કેન્સર ડેની ઉજવણી કરવામાં આવે છે. જે દિવસે કેન્સરના સંબંધમાં તબીબો અને જુદી જુદી સંસ્થાઓ માહિતી આપે છે. આ વખતે થીમ જે રાખવામાં આવી છે તે આઈએમ એન્ડ આઈ વિલનો સમાવેશ થાય છે.આનો ઉદ્ધેશ્ય લોકોના મનમાં બેસી ગયેલા ભયને દુર કરવા માટેનો રહેલો છે. સાથે સાથે કેન્સર સામે જંગ જીતવા માટે તેમને જુસ્સો આપવાનો હેતુ છે. કેન્સર ડે પર જુદા જુદા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે. આંકડા પર નજર કરવામાં આવે તો તમામ લોકો ચોંકી ઉઠે તેવી સ્થિતી છે. આંકડા દર્શાવે છે કે ભારતમાં કેન્સરના ૨૫ લાખ રોગ છે. ભારતમાં બીજી સૌથી મોટી જીવલેણ બિમારી છે. આંકડા એમ પણ દર્શાવે છે કે ૩૦ ટકા દર્દી ઓપલ કેન્સર અથવા તો મોના કેન્સરથી ગ્રસ્ત છે. જ્યારે ૨૨ ટકા કેન્સરથી થતા મોત માટે કારણમાં તમાકુ મુખ્ય કારણ તરીકે છે. આંકડા એમ પણ દર્શાવે છે કે ૧૦ લાખ નવા કેસ દર વર્ષે ભારતમાં સપાટી પર આવે છે. જેમને રોકી શકાય છે. આંકડા એમ પણ દર્શાવે છે કે ૩૩૦૦૦ મોત માત્ર સર્વાઈકલ કેન્સરના કારણે થાય છે. આંકડા એમ પણ દર્શાવે છે કે પાંચથી દસ ટકા કેસો વંશાનુગત અને જન્સમાં ફેરફારના કારણે પણ થાય છે. જુદા જુદા પ્રકારના કેન્સરો હોય છે. જેમાં બ્લડ કેન્સર, બોન કેન્સર, બ્રેસ્ટ કેન્સર, દિમાગના કેન્સર, પ્રોસ્ટેટ કેન્સર, કોલોન કેન્સર, ફેફસાના કેન્સર અને મોના કેન્સરનો સમાવેશ થાય છે. કોલોન કેન્સરના દર્દીઓ પણ ખુબ મોટી સંખ્યામાં રહે છે. લાંબા સમય સુધી પિડા, પેટ ભરાયેલુ છે તે પ્રકારે લાગવા જેવા લક્ષણ હોય છે. શ્વાસ લેતી વેળા છાતિમાં દુખાવો કોઈ કારણ વગર વજનમાં ઘટાડો જેવા લક્ષણ કેન્સરના હોય છે. આવ સ્થિતી હોય તો તરત તબીબોનો સંપર્ક કરવામાં આવે તે જરૂરી છે. જંક ફુડ, રેડ મિટ જેવા કારણ રહેલા છે. મોના કેન્સર પર સૌથી વધારે જોવા મળે છે. પુરૂષોમાં આ કેન્સર સૌથી વધારે છે. કેન્સર સામે લડવામાં તમામ દર્દીને હિમ્મત આપવામાં આવે તે જરૂરી છે. કેન્સર આધુનિક સમયમાં નવી નવી ટેકનોલોજીના કારણે ઠીક થઈ શકે છે. ગંભીર બિમારીથી ગ્રસ્ત દર્દીઓને સાઈકોથેરાપી આપવામાં આવે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરત કેન્સરના દર્દીઓની લાઈફની ગુણવત્તા સુધારવામાં મદદરૂપ થઈ શકે છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે બે જુદા જુદા કોચરાન સિસ્ટેમેટિક રિવ્યુમાં આ બાબતને સમર્થન મળ્યું છે કે વોકિંગ અને સાઈકલીંગ જેવી પ્રવૃત્તિ કેન્સરની સારવાર લઈ ચૂકેલા લોકોને રાહત આપે છે. તેમની લાઈફ ગુણવત્તાને સુધારવામાં પણ મદદરૂપ બને છે. હાલમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે જુદા જુદા કેન્સરથી પીડાતા લોકોને હળવી કસરત કરવાની સલાહ આપવામાં આવે છે. સાઈકોલોજીકલ અને સોશિયલ ઈફેક્ટ ઉપર પણ તેની અસર થાય છે. સારવાર સાથે સંબંધિત લક્ષણો સ્પષ્ટપણે દેખાઈ આવે છે. કેન્સરની સારવાર અને બચી જવાની તકોમાં પણ કસરતના કારણે સુધારો થાય છે. વ્યક્તિની લાઈફ ગુણવત્તા આના લીધે સુધરે છે. અભ્યાસના ભાગરૂપે ૬૬ ટ્રાયલ ઉપર કામકાજ હાથ ધરવામાં આવ્યું હતું. કેન્સરના જુદા જુદા સ્વરૂપ માટે સારવારમાંથી પસાર થઈ ચૂકેલા ૪૮૨૬ લોકોને આવરી લઈને અભ્યાસની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સ્તન અને પ્રોસ્ટેટ કેન્સર સહિતના રોગોમાં હળવી કસરત મદદરૂપ બની શકે છે. બીજા તબક્કા દરમિયાન ૪૦ ટ્રાયલ ઉપર ધ્યાન આપવામાં આવ્યું હતું જેમાં કેન્સરની સારવાર લઈ ચૂકેલા ૩૬૯૪ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. વોકિંગ, સાઈકલીંગ, યોગા સહિત કસરતના કાર્યક્રમોને ધ્યાનમાં લેવાયા હતા. અભ્યાસના પરિણામ દર્શાવે છે કે કસરત આરોગ્ય સંબંધિત લાઈફની ગુણવત્તા સુધારે છે.કેન્સરના દર્દીઓને હિમ્મત અને જુસ્સો વધારી દેવાના સતત પ્રયાસો જરૂરી છે.

૫ ટેક્નિક કેન્સરના દર્દીને બચાવે છે



ટારગેટેડ થેરાપી, ઓર્ગન ફંક્સન પ્રિજર્વેશન, પ્રોટોન થૈરાપી, રોબોટિક સર્જરી અને ટારગેટેડ ઈન્ટ્રા ઓપરેટિવ રેડિયોથેરાપીથી દર્દીની સારવાર

કેન્સરના દર્દીઓની લાઈફમાં આધુનિક નવી નવી ટેકનોલોજી એક નવી આશા લઈને આવી રહી છે. જે બિમારીની પિડા, સમય, શરીરના અન્ય અંગોને નુકસાનથી બચાવી રહી છે. રોગ પ્રતિકારક ક્ષમતાને વધારી દેવા માટે ઈમ્યુરોથેરાપી આપવામાં આવે છે. આ તમામ પ્રકારના કેન્સરમાં અસરકારક છે. જ્યારે શરીરમાં કેન્સરના સેલ્સ વિકસિત થાય છે. આવી સ્થિતીમાં ઈમ્યુન સિસ્ટમ તેને રોકવામાં ભૂમિકા અદા કરે છે. કેન્સર રોગના નિષ્ણાંત તબીબો કહે છે કે જુદી જુદી પાંચ ટેકનિકની મદદથી કેન્સરના દર્દીઓને બચાવી લેવાના તમામ પ્રયાસો કરવામાં આવે છે અને તેમાં સફળતા પણ મળે છે. કઈ કઈ ટેકનિકથી કેન્સરના દર્દીઓને બચાવવામાં આવે છે તેની વાત કરવામાં આવે તો સૌથી પહેલા ટારગેટેડ થેરાપીથી કોશિકાને બચાવવા માટેના પ્રયાસ કરવામાં આવે છે.ટારગેટેડ થેરાપી કેન્સરની સારવાર માટેન એક નવી ટેકનોલોજી છે. આમાં કેટલીક થેરાપીનો સમાવેશ થાય છે. આ ટેકનિક એ પ્રકારની ડિઝાઈન કરવામાં આવી છે કે આના કારણે કેન્સર સેલ્સની અલગ રીતે ઓળખ કરીને માત્ર તેમને જ નષ્ટ કરવાના પ્રયાસ કરવામાં આવે છે. આના કારણે આસપાસ રહેલી સ્વસ્થ કોશિકાને કોઈ પણ પ્રકારનુ નુકસાન કરવામાં આવતુ નથી. ઓર્ગન ફંક્સન પ્રિજર્વેશન પણ સારવારની એક પદ્ધિતી છે. શરીરના જે અંગમાં કેન્સર હોય છે તેમાં કેન્સર સેલ્સને ઓર્ગન ફંક્સન પ્રિજર્વેશન ટેકનિકથી ખતમ કરવામાં આવે છે. આ ટેકનિક હાડકા, ગળા, દિમાગના કેન્સરમાં વધારે ઉપયોગી સાબિત થાય છે. ત્યારબાદ વ્યક્તિ સામાન્ય રીતે જીવન ગાળે છે. પ્રોટોન થેરાપી કેન્સરના સેલ્સના દુશ્મન તરીકે છે. આ ટેકનિકથી મદદથી હાઈ એનર્જી મેગા વોલ્ટેડ રેજ એવા અંગ પર આપવામાં આવે છે જ્યાં ટ્યુમર હોય છે. ફેંફસા, દિમાગ, પિટ્યુટરી ગ્લેડના ટ્યુમર , કરોડરજ્જુ હાડકાના કેન્સરમાં આ પ્રકારની સારવાર કરવામાં આવે છે. આર્ટરી, વેન્સ ટ્યુમરમાં તેની અસરકારકતા વધારે રહે છે. કેટલાક સિટિંગમાં જ ટ્યુમર ખતમ થઈ જાય છે. પહેલા કિડની ટ્યુમર થવાની સ્થિતીમાં કિડની કાઢવાની ફરજ પડતી હતી. જો કે હવે રોબોટિક સર્જરીની મદદથી માત્ર ટ્યુમર કાઢવામાં આવે છે. આના કારણે જટિલતા થવાનો ખતરો ઓછો રહે છે. લોહી અને એન્થિસિયા આપવાની જરૂર ઓછી પડે છે. ટારગેટેડ ઈન્ટ્રા ઓપરેટિવ રેડિયોથૈરાપી સારવાર માટે કેટલીક પ્રક્રિયા હોય છે. સારવાર માટે છ સપ્તાહ સુધી રેડિયોથેરોપીને અડધા કલાકની ડોજમાં આપવામાં આવે છે. આ ટેકનિકમાં રેડિયોથેરોપીના સાધનને સ્તનમાં નાંખવાના બદલે માત્ર કેન્સર પ્રભાવિત સ્થાન પર નાંખવામાં આવે છે. આના કારણે હાર્ટ, ફેફસા અને અન્ય અંગને પ્રભાવિત થવાનો ખતરો રહેતો નથી. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં ચોકાવનારો ધડાકો કરવામાં આવ્યો છે. આમા જણાવવામાં આવ્યું છે કે મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને વધારવામાં ભુમિકા ભજવનાર ફોલ્ટી જીન અથવા તો ખામીવાળા જનીનથી પુરુષોમાં પણ પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો અનેકગણો વધી જાય છે. આ સંશોધન હાથ ધરનાર લંડનમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ કેન્સર રિસર્ચમાં પ્રોફેસર રોશ ઈલેસે કહ્યું છે કે હજુ સુધી કેટલી શંકાઓ હતી. પ્રોસ્ટેટ કેન્સરનો ખતરો ફોલ્ટી જીન વધારે છે કે કેમ તેને લઈને શંકા હતી પરંતુ હવે આ શંકા દુર થઈ રહી છે. તેમણે કહ્યું છે કે અમારા અભ્યાસમાં સાબિતી મળે છે કે પ્રોસ્ટેટ કેન્સર સાથે ગ્રસ્ત પુરુષોમાં ખામીવાળા જીન રહેલા છે. ખામીવાળા જીનના લીધે જ પુરુષોમાં પણ કેન્સરનો ખતરો વધી જાય છે. ફોલ્ટી અથવા તો ખામીવાળા બીઆરસીએ-૧ જીનથી પ્રોસ્ટેટ કેન્સર થવાનો ખતરો ૧૧ પૈકી ૧માં રહેલો હોય છે. અભ્યાસ મુજબ ફોલ્ટી જીનના સીધા સંબંધ જુદા જુદા રોગ સાથે હોય છે. બીઆરસીએ-૧ પ્રોસ્ટેટ કેન્સરના ખતરાને ૫ ગણો વધારવામાં ભુમિકા ભજવે છે. મહિલાઓમાં સ્તન કેન્સરના ખતરાને વધારે છે. ૧૦ પૈકીની ૬ મહિલાઓમાં આના લીધે ખતરો વધી જાય છે. જ્યારે સ્વસ્થ મહિલાઓમાં ૮ પૈકી ૧ મહિલામાં આ રોગનો ખતરો રહે છે. ફોલ્ટી જીન ધરાવતી કેટલીક મહિલાઓમાં સ્તન કેન્સરનો જોખમ સૌથી ઉંચો છે. ચેરિટી પ્રોસ્ટેટ એક્શનના મુખ્ય કારોબારી એમ્મા માલ્કને કહ્યું છે કે વહેલીતકે પ્રોસ્ટેટ કેન્સરના લક્ષણો મળી આવવાથી સફળ સારવારની તકો વધી જાય છે. પરંતુ વિલંબ થવાની સ્થિતિમાં સારવાર મુશ્કેલ બની જાય છે.

કેન્સર : આ ટેસ્ટથી ઓળખ



કેન્સર રોગને લઈને કેટલીક પ્રકારની સારવાર કરવામાં આવે છે. કેન્સર કોઈ દર્દીને છે કે કેમ તેના માટે પણ કેટલાક પ્રકારના ટેસ્ટ જુદા જુદા કરવામાં આવે છે. રોગન ઓળખ માટે કોશિકાના નમુના લેવામાં આવે છે. પૈંપ સ્મિયર ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટ હેઠળ મહિલાઓમાં સર્વિક્સ (ગર્ભાશય) કેન્સરની તપાસ માટે સંબંધિત હિસ્સામાંથી કોશિકા લઈને કેન્સર સેલન ઓળખ કરવામાં આવે છે. મેમોગ્રામ આ ખાસ પ્રકારના ટેસ્ટ છે. આ ટેસ્ટ મહિલાઓમાં બ્રેસ્ટ કેન્સરની ઓળખ કરે છે. એમઆરઆઈ મારફતે પણ ટેસ્ટ કરવામાં આવે છે. માથાના , હાડકાના કેન્સરને જાણવા માટે આ પ્રકારના ટેસ્ટ કરવામાં આવે છે. આના કારણે ટ્યુમરને લઈને પાકી માહિતી મળે છે. આ પ્રકારના ટેસ્ટથી શરીરના અન્દરના હિસ્સાના ચિત્ર તૈયાર કરવામાં આવે છે. સીબીસી પણ એક પ્રકારના મોટા ટેસ્ટ તરીકે છે. આને કંપ્લીટ બ્લડ ટેસ્ટ પણ કહેવામાં આવે છે. આ ટેસ્ટના કારમે બ્લડ કેન્સર અને સંબંધિત લોહીની તકલીફોને સારી રીતે જાણી લેવામાં આવે છે. આવી જ રીતે વારસાગત કેન્દ્રની ઓળખ કરવા માટે સ્વસ્થ લોકોના ટેસ્ટ કરવામાં આવે છે. જીન્સ મ્યુટેશનની માહિતી એકત્રિત કરવામાં આવે છે. કેન્સરની તકલીફને રોકવા માટે પણ કેટલાક અસરકારક પગલા છે. નિયમિત વોકિંગ કરવાથી ફાયદો થાય છે. શારરિક રીતે સક્રિય રહેવાની જરૂર છે. વજનને નિયંત્રિત રાખીને બ્રેસ્ટ, કોલોન અને અન્ય કેન્સરથી બચી શકાય છે. લાંબા સમય સુધી સામાન્ય કરતા વધારે વજન પણ યોગ્ય નથી. અનિયમિત દરરોજની લાઈફસ્ટાઈલથી પણ ખતરો રહે છે. દરરોજ ૬૦-૯૦ મિનિટ સુધી કસરત કરવામાં આવે તો ખુબ ફાયદો રહે છે. જેમાં વોક, બ્રિસ્ક, વોક, સાયક્લલિંગ, સ્વિમીંગનો સમાવેશ થાય છે. ભોજનને બીજી વખત ગરમ કરીને ખાવાની ટેવ રાખવી જોઈએ નહીં. ભોજનમાં ટામેટા, લસણ, લિમ્બુ અને કઠોળનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. રેડ મિટ, કુકીજ, ફ્રેન્ચ ફ્રાઈઝ જેવી ચીજો ટાળવી જોઈએ.

ભોજનમાં પ્રોટીન પર જોર આપો

તાજેતરમાં જ રજૂ કરવામાં આવેલી ઉરી ફિલ્મના કારણે ભારે લોકપ્રિયતા મેળવી લેનાર વિક્કી કોશલની ચર્ચા આજે દેશમાં ચારેબાજુ જોવા મળે છે. એન્જિનિયરિંગના અભ્યાસ અને નોકરી બાદ પોતાના અંદરના અભિનેતાને ફિલ્મી પ્રેમીઓ સુધી પહોંચાડી દેવાના ઈરાદા સાથે મુંબઈ પહોંચેલા વિક્કી કોશલની ચર્ચા આજે ચારે બાજુ છે. એક પછી એક ફિલ્મમાં તેની એક્ટિંગની તમામ ચાહકો નોંધ લઈ રહ્યા છે. વિક્કીને ચાહકોનો ભરપુર પ્રેમ હાલમાં મળી રહ્યો છે. વિક્કી કોશળે પહેલા રાજુ હિરાનીની સંજય દત્તની બાયોપિક ફિલ્મમાં યાદગાર ભૂમિકા અદા કરી હતી. તેની કમલી તરીકેની ભૂમિકાને ચાહકો હજુ સુધી ભુલી શક્યા નથી. જ્યારે હાલમાં જ રજૂ કરવામાં આવેલી ઉરી ફિલ્મના કારણે તો તે દેશમાં ભારે ચર્ચામાં છે. સર્જિકલ સ્ટ્રાઈક પર બનેલી ઉરી ફિલ્મ તમામ ચાહકોને પસંદ પડી છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર રેકોર્ડ સફળતા હાંસલ કરી રહી છે. વિક્કીના કહેવા મુજબ દુનિયામાં ફરીને ઘણી બધી ચીજો સીખી શકાય છે. ફિલ્મના પાત્રની માંગ મુજબ કલાકારો તેમના વજનને વધારે છે અને ઉતારે છે. આવુ કરવા માટે કલાકારોને ભારે મહેનત કરવાની ફરજ પડે છે. ફિલ્મ ઉરીમાં કામ કરતી વેળા વિક્કીએ ૧૫ કિલોગ્રામ વજન વધારી દીધુ હતુ. વિક્કી કહે છે કે ફિટનેસો અર્થ છે સ્વસ્થ શરીરની સાથે સ્વસ્થ મન જે જીવન જીવવા અને આગળ વધવા માટે પ્રેરણા આપે છે. આના કારણે સકારાત્મક ઉર્જા મળે છે. ઉત્સાહ મળે છે. ફિટનેસનો અસલી અર્થ સ્વસ્થ શરીરની સાથે સાથે સારી લાઈફસ્ટાઈલ પણ હોય છે. જ્યારે મન અને શરીર બંને સ્વસ્થ હોય છે ત્યારે વધારે શાનદાર કામ કરવાની ક્ષમતા વધી જાય છે. ભોગદોડની લાઈફમાં પોતાને ફિટ રાખવા માટે વિક્કી પૌષણથી ભરપુર ભોજન કરે છે. વિક્કી નિયમિત રીતે કસરત કરે છે. જેમાં પુલઅપ્સ, બેટલ રડ ટ્રેનિંગ, શોલ્ડર પ્રેસ, ડેડલિફ્ટસનો સમાવેશ થાય છે. ભોજનના શોખીન રહેલા વિક્કી કોશલ બહારની ચીજોને ટાળે છે. ડાઈટ પર ખાસ ધ્યાન રાખે છે. પ્રતિદિન ૨૦૦૦ કેલોરીવાળી ચીજોનો તે ઉપયોગ કરે છે. કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન અને વિટામિન્સ પર ખાસ ધ્યાન આપે છે. શાકભાજીની સાથે પાસ્તા, અથવા તો બ્રાઉન રાઈસ, ચિકન અને ફિશ તેમજ સલાડ તેમજ પનીરનો ઉપયોગ કરે છે.

કરિનાએ ટિકાકારો માટે કહ્યું- હું રોજ એક આંગળી તેમને બતાવું છું

મુંબઇ

કરિના કપૂરે પ્રેગ્નન્સી દરમિયાન ૯ મહિના કામ કર્યું હતું. આવું કરીને કરિનાએ ઘણા લોકોને પ્રેરણા આપી હતી. કરિના પ્રેગ્નન્સી બાદ તરત જ કામ પર પરત ફરી હતી. કરિનાએ માતા બન્યા પછી તરત જ કામ શરુ કરતાં ઘણા લોકોએ તેને બેજવાબદાર માતા પણ ગણાવી હતી.

સોશિયલ મીડિયામાં લોકોએ કરિનાની ટિકા કરી હતી અને બેજવાબદાર માતા ગણાવી હતી. આ અંગે કરિનાએ જડબાતોડ જવાબ આપ્યો છે. કરિના ૧૦૪.૮ એફએમ પર પોતાનો શો 'What Women Want'હોસ્ટ કરી રહી છે. હાલમાં જ તેના એક એપિસોડમાં નણંદ સોહા અલી ખાન મહેમાન બની હતી.

સોહા સાથે વાત કરતાં કરિનાએ જણાવ્યું કે, હાલમાં જ મને એક તસવીર માટે ટ્રોલ કરવામાં આવી હતી. જેમાં હું પ્રાઇવેટ પ્લેનમાં જઇ રહી હતી. મારા બાળકને નેની પાસે છોડવા અંગે લોકોએ મને બેજવાબદાર માતા ગણાવી હતી. મારા જીવન વિશે જાણ્યા વગર લોકો નિર્ણય આપે છે. તે લોકો જાણી લે કે, હું રોજ એક આંગળી તેમને મારા મગજમાં બતાવું છું. કરિનાએ સોહા સાથે વાત કરતાં કહ્યું કે, સૈફ અલી ખાન, તૈમૂરની બહુ નજીક છે. હાલમાં જ તે શૂટ માટે ભુજ જઇ રહ્યો હતો. પછી તેણે શૂટિંગ કેન્સલ કર્યું અને કહ્યું કે તે તૈમૂરને છોડીને નહીં જાય. પરંતુ મેં તેને કહ્યું કે તારે જવાનું છે અને કામ કરવાનું છે.





મુંબઈમાં લેક્મે ફેશન વીક ફેશન શોનાં આખરી દિવસે બોલીવૂડ અભિનેત્રી કરીના કપૂર-ખાન જાણીતા ફેશન ડિઝાઈનર્સ શાંતનૂ-નિખિલ માટે શો સ્ટોપર બની હતી. કરીના કાળા રંગનાં અને ઓફ્ફ-શોલ્ડર કોર્સેટ ગાઉનમાં સજ્જ થઈને રેમ્પ પર હાજર થઈ હતી અને છવાઈ ગઈ હતી. આ ગાઉનની વિશેષતા એ હતી કે તે હાઈ સાઈડ સ્લિટ હતો. કરીનાએ માથાનાં વાળની પોનીટેલ રાખી હતી અને ડીપ રેડ લિપસ્ટિક લૂકમાં એ દરેક એન્ગલથી સુંદર દેખાતી હતી. જ્યારે બોલિવૂડની હોટ અભિનેત્રી મલાઈકા અરોરા લેક્મે ફેશન વીકના રેમ્પ વોક કર્યું હતું જે જોઈને હાજર સૌ કોઈ ચોંકી ગયા હતાં.

તાપસીએ 'મિશન મંગલ'નું પોતાનું કામ પૂરું કર્યું

મુંબઈ

મોખરાની અભિનેત્રી તાપસી પન્નુએ સોશ્યલ મિડિયા પર લખ્યું હતું કે મેં મિશન મંગલના મારા કામને પૂર્ણ કરી લીધું હતું. આ ફિલ્મ ભારતની અવકાશ સિદ્ધિ વિશે છે.

અક્ષય કુમારે તમામ મહિલા વિજ્ઞાાની અવકાશ યાત્રાની સિદ્ધિ મેળવતી હોય એવો દ્રષ્ટિકોણ રાખીને આ ફિલ્મ બનાવી હતી. ફિલ્મમાં અક્ષય કુમાર અને તાપસી ઉપરાંત કીર્તિ કુલ્હારી, સોનાક્ષી સિંહા, વિદ્યા બાલન, નિત્યા મેનન અને શર્મન જોશી ચમકી રહ્યાં છે. ઔભારતની અવકાશ યાત્રા વિશેની પહેલી ફિલ્મ તરીકે ઓળખાવાતી આ ફિલ્મનું ડાયરેક્શન જગન શક્તિ કરી રહ્યા છે. તાપસીએ ફિલ્મના સેટ પરના પોતાના એક ફોટોગ્રાફને શેર કરતાં લખ્યું, વધુ એક યાત્રા પૂરી કરી... મિશન મંગલનું મારા હિસ્સાનું કામ મેં પૂરું કર્યું... આ ફિલ્મમાં મે કૃતિકા અગ્રવાલ નામનું પાત્ર કર્યું છે. હિયર ઈઝ ધી એન્ડ ઓફ કૃતિકા અગ્રવાલ્સ કેરેક્ટર્સ વર્ક.

એણે વધુમાં લખ્યું હતું કે દરેક ફિલ્મ મારા માટે એક શિક્ષક બનીને આવે છે... દરેક ફિલ્મ મને કશુંક નવું શીખવે છે...સંઘબળ કેવું સરસ કામ કરી શકે છે એનો આ એક સરસ દાખલો હતો...આ અનુભવ કાયમ માટે યાદ રહી જાય એવો હતો.

આ ફિલ્મ સ્વાતંત્ર્ય દિવસે ઓગષ્ટની ૧૫મીએ રજૂ કરવાની અક્ષયની યોજના છે.

ઓશો રજનીસ પર બનનાર ફિલ્મમાં પ્રિયંકા ચોપડા નજરે પડશે



માં આનંદ શીલાની ભૂમિકામાં દેખાશે પ્રિયંકા ચોપડા

મુંબઇ

બોલીવુડ અભિનેત્રી પ્રિયંકા ચોપડા ઓશો રજનીશના જીવન પર બનનારી ફિલ્મમાં નજરે પડશે આ ફિલ્મને ઓલ્કર પુરસ્કાર વિજેતા નિર્દેશક બેરી લેબીમનશન બનાવી રહ્યાં છે આ વાતનો ખુદ પ્રિયંકાએ એક ટોક શોમાં કર્યો હતો.પ્રિયંકાએ કહ્યું હતું કે તે આ ફિલ્મમાં માં આનંદ શીલાની ભૂમિકા ભજવશે માં આનંદ શીલા ઓશો રજનીશની સહયોગી હતી.

એ યાદ રહે કે પ્રિયંકા ચોપડા ગ્લોબલ સ્ટાર બની ચુકી છે તે લાંબા સમયથી હિન્દી ફિલ્મોમાં નજરે પડી રહી નથી આખરી વાર તે ૨૦૧૬માં હિન્દી ફિલ્મમાં નજરે પડી હતી તે અમેરિકી ટીવી સીરીજ કવાંટિકોનો ભાગ બની ગઇ અને ત્યાંથી તેનું હોલીવુડનું સફળ થયું હતું સૌથી પહેલા તે ૨૦૧૭માં ફિલ્મ બેવોચમાં નજરે પડી હતી હવે તેના હાથમાં એક બીજી હોલીવુડની ફિલ્મ લાગી છે આ ફિલ્મમાં માં આનંદ શીલાની ભૂમિકા ભજવવા માટે તેને ઓફર થઇ છે.

બીજીબાજુ હિન્દી ફિલ્મોમાં પણ પ્રિયંકા ચોપડા વાપસી કરી રહી છે પહેલા તે સલમાન ખાનની ફિલ્મ ભારતથી જોડાઇ હતી પરંતુ પોતાના લગ્નની તૈયારીઓના કારણે તેણે ફિલ્મ વચ્ચે જ છોડી દીધી હતી હવે તે સોનાલી બોસની ફિલ્મ ધ સ્કાઇ ઇઝ પિંકનું શુટીગ કરી રહી છે આ ફિલ્મમાં તે ફરહાન અખ્તર અને જાયરા વસીની સાથે નજરે પડશે આ ફિલ્મ મોટિવેશનલ સ્પીકર આયશા ચૌધરીની કહાની છે.

કરણ જૌહર અને નિર્દેશક શકુન બત્રા પણ આશો રજનીશ પર વેબસીરીજ બનાવી રહ્યાં છે.કેટલાક દિવસ પહેલા અહેવાલો હતાં કે આ ફિલ્મમાં આલિયા ભટ્ટા માં આનંદ શીલાની ભૂમિકામાં નજરે પડશે જયારે આમિર ખાન ઓશાની ભૂમિકા નિભાવશે

ફિલ્મ સોનચિડિયાના શૂટિંગ દરમિયાન કાસ્ટ અને ક્રૂ કરતાં બોડીગાર્ડ્સની ટુકડી મોટી હતી

સોનચિડિયા પોતાની જાહેરાત બાદ જ ચર્ચામાં રહી છે



ચંબલની કહાણીને મોટા પડદા પર જોવા માટે દર્શકો ખૂબ ઉત્સુક

મુંબઈ

''સોનચિડિયા'' પોતાની જાહેરાત બાદ જ ચર્ચામાં રહી છે. ચંબલની કહાણીને મોટા પડદા પર જોવા માટે દર્શકો ખૂબ ઉત્સુક છે. જ્યારથી ફિલ્મનું ટ્રેલર આવ્યું છે ત્યારથી ફિલ્મ પ્રત્યે પ્રેક્ષકોની જિજ્ઞાસા વધી ગઈ છે.

જેમ કે ફિલ્મની કહાણી ભારતની આઝાદીની પછીની છે જ્યારે ડાકુઓએ ભારતના ઘણા ભાગોમાં અને કોતરોમાં પોતાની ધાક જમાવી હતી, તે સમયે કોતરો ખૂબ ખતરનાક હતી તે આજેપણ ખૂબ ખતરનાક છે, ક્યારે ક્યાંથી ડાકુઓ સામે આવી જાય. ડાકુઓની આ દહેશત આજે પણ લોકોની અંદર છે અને આજેપણ ઘણી જગ્યાએ ડાકુઓનો ખતરો રહે છે, આ પ્રકારે જ્યારે ફિલ્મનું શૂટિંગ દૂર ખતરાનાક કોતરોમાં ચાલી રહ્યું હતું ત્યારથી ફિલ્મના કાસ્ટ અને ક્રૂની સુરક્ષા ખૂબ જ મહત્વપૂર્ણ હતી. ફિલ્મના નિર્દેશક અને નિર્માતાઓ તેની સંપૂર્ણ જાણકારી લેતાં ઓન લોકેશન પર બોડીગાર્ડ્સની આખી ટુકડી તૈનાત કરી દીધી હતી. ફિલ્મમાં જેટલા કાસ્ટ છે અને કાસ્ટની સાથે જે ક્રૂ છે તેનાથી બમણી સંખ્યા સુરક્ષામાં લાગેલા બોડીગાર્ડ્સની હતી, જેના લીધે ફિલ્મનું શૂટિંગ આકરી સુરક્ષા વચ્ચે પુરૂ થયું.

સોનચિડિયામાં ૧૯૭૦ના દાયકામાં સ્થાપિત કહાણી જોવા મળશે જેમાં એક નાનું શહેર ડાકુઓ દ્વારા શાસિત અને પ્રભુત્વ જોવા મળશે. એટલું જ નહી, અહીં સત્તા પ્રાપ્ત કરવા માટે ટુકડી સંઘર્ષની લડાઈ લડતી જોવા મળશે. તો બીજી તરફ ફિલ્મની થીમને ધ્યાનમાં રાખતાં સ્ટારકાસ્ટ ઈંટેસ અવતારમાં જોવા મળશે જેની ઝલક તાજેતરમાં જ રિલીઝ થયેલા ટ્રેલરમાં જોવા મળી હતી.

મુખ્ય ભૂમિકામાં સુશાંત સિંહ રાજપૂત, ભૂમિ પેડનેકર, મનોજ વાજપેયી, રણવીર શોરે અને આશુતોષ રાણા અભિનિત, સોનચિડિયામાં ડાકૂના યુગ પર આધારિત એક ગ્રામીણ અને કટ્ટર કહાણી રજૂ કરવામાં આવશે, અભિષેક ચૌબે દ્વારા નિર્દેશિત સોનચિડિયામાં ધમાકેદાર એક્શનની ભરમાળ હશે. નિર્માતા રોની સ્ક્રૂવાલા જેમણે ના ફક્ત બ્લોકબસ્ટર હિટ આપી છે પરંતુ પુરસ્કાર વિજેતા ફિલ્મોના સરતાઝ હવે ''સોનચિડિયા' રજૂ કરવા માટે તૈયાર છે. આ ફિલ્મ આગામી ૧ માર્ચ ૨૦૧૯ના રોજ સિનેમાઘરોમાં પ્રદર્શિત થશે.

આલોકનાથ સામે નોન કોઓપરેટિવ ડિરેક્ટિવ અસહયોગ જાહેર કરાયો



મુંબઈ

સંસ્કારી બાબુજીના નામથી લોકપ્રિય કલાકાર આલોક નાથ વિરૂદ્ધ ફેડરેશન ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા સિને એમ્પ્લોઈઝે (આઈએફટીડીએ)છ મહિનાનો નોન કોઓપરેટિવ ડિરેક્ટિવ અસહયોગ જાહેર કર્યો છે. આનો સીધો મતલબ છે કે હવે આટલા સમય સુધી કોઈ કલાકાર આલોક નાથ સાથે કામ નહી કરે.

આઈએફટીડીએ પ્રમુખ અશોક પંડિતે માહિતી આપી છે કે સાથીદાર વિન્તા નંદાની ફરિયાદ પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેમણે સ્પષ્ટતા કરતા કહ્યું છે કે આઈએફટીડીએની ઈન્ટરનલ કમ્પ્લેઈન કમિટીએ ત્રણ વખત આલોક નાથને બોલાવ્યા પણ તેમણે તપાસનો હિસ્સો બનવાની સ્પષ્ટ ના પાડી દેતા આ નિર્ણય લેવો પડ્યો છે. નોંધનીય છે કે આલોક નાથ પર લેખિકા વિન્તા નંદાએ યૌન શોષણ અને ઉત્પીડનનો આરોપ લગાવ્યો છે.

અશોક પંડિતે નિવેદન આપ્યું છે કે અમારો પ્રયાસ છે કે યૌન ઉત્પીડનની ઘટનાઓને બિલકુલ સહન ન કરવામાં આવે. દરેક વ્યક્તિને મહત્વ આપવામાં આવે જેથી કામ કરવાનો માહોલ સુધરી શકે. સ્ત્રીઓ અને પુરુષો એકબીજા સાથે કામ કરે અને એકબીજાનું સન્માન કરે.

ટ્વિંકલ સાથે લગ્ન ના થયા હોત તો મારી સાસુ સાથે ડેટ પર જાત : અક્ષય કુમાર

મુંબઈ

બોલિવુડ સુપરસ્ટાર અક્ષય કુમાર એરલિફ્ટ, પેડમેન, રૂસ્તમ, ટોઈલેટ: એક પ્રેમ કથાથી એક સારા કલાકારની છબિ બનાવી દીધી છે. જોકે, આ પહેલા તેની ઈમેજ એકદમ દિલફેંક હતી. અક્ષય કુમારનું નામ રવીના ટંડન અને શિલ્પા શેટ્ટી સહિત ઘણી એક્ટ્રેસ સાથે નામ જોડાઇ ચૂક્યુ છે.

જ્યારે તે પહેલી વખત કોફી વિથ કરણમાં આવ્યો તો કરણે તેને ઘણા મજેદાર સવાલ પૂછ્યા હતા. એ એપિસોડની ડિલીટ કરી દેવાયેલી વીડિયો હાલમાં સોશ્યલ મીડિયા પર વાયરલ થઇ રહ્યો છે. હોસ્ટ કરણ જોહરે તેને ઘણા સવાલ પૂછ્યા અને તેને ફસાવવાનો ટ્રાય કર્યો, પરંતુ અક્ષયે બધાનો સ્માર્ટ જવાબ આપ્યો.

જોકે એક સવાલે અક્કીને વિચારતો કરી દીધો, પરંતુ આ જવાબ સાંભળી કરણ પણ આશ્ચર્યમાં મૂકાઇ ગયો. કરણે જ્યારે પૂછ્યુ કે, જો તે પરણિત ન હોય તો કઇ એક્ટ્રેસની સાથે ડેટ પર લઇ જવાનું પસંદ કરત?

આ સવાલનો જવાબ આપતા પહેલા અક્ષયે પહેલા વિચાર્યુ અને કહ્યુ કે, ડિમ્પલ કપાડિયા અને આખી રીત તેમની દિકરી વિશે વાત કરતા.'' અક્ષયનો સ્માર્ટ જવાબ સાંભળી કરણ પણ આશ્ચર્યમાં મૂકાઈ ગયો અને કોઇ પણ કોન્ટ્રોવર્સીમાં પડ્યા વિના ખૂબ સરસ કહીને વાત આગળ વધારી દીધી. અક્ષયની પ્રશંસા કરતા કરણે કહ્યુ કે, આ ટ્રેનિંગ ચોક્કસથી તેની પત્ની ટ્વિંકલ પાસેથી મળી હશે.





કવિ ગીતકાર એ.આર. રહેમાન, કવિ-ગીતકાર ગુલઝાર, બોલીવુડ અભિનેતા અનિલ કપૂર અને અન્ય લોકો મુંબઈમાં ધારાવી ખાતે તેમની ફિલ્મ 'સ્લમડોગ મિલિયોનેર' ની ૧૦ મી વર્ષગાંઠની ઉજવણી કરે છે.



શ્રી રાંદેર રોડ જૈન સંઘમાં જૈનાચાર્ય પૂ. અનંતયશસૂરિજી મ. અને પૂ. પંન્યાસપ્રવર શ્રી પદ્મદર્શનવિજયજી મહારાજના પાવન સાંનિધ્યમાં મુમુક્ષુ કદમ જોશી સી.એ. અને મુમુક્ષુ વિદિશા દોશીના ચારિત્રોત્સવ પ્રસંગે સંયમ સપ્તાહમાં ધગધગતા વૈરાગ્યના પ્રવચનોમાં સેંકડો ભાવુકોએ હર્ષોલ્લાસપૂર્વક હાજરી આપી હતી.

રાહુલ ગાંધી ૧૪મી ફેબ્રુ.થી દક્ષિણ ગુજરાતમાં ચૂંટણી પ્રચાર શરૂ કરશે

વલસાડ

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી આગામી ૧૪મી ફેબ્રુઆરીના રોજ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. દક્ષિણ ગુજરાતમાંથી તેઓ લોકસભાની ચૂંટણી માટે પ્રચારની શરૂઆત કરાવશે. રાહુલ ગાંધી વલસાડ જિલ્લામાં મેટ્રો ટ્રેન માટે જમીન સંપાદન વિવાદને લઈને જંગી રેલી સંબોધવાના હોવાની માહિતી સામે આવી છે.

ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અમિત ચાવડા અને વિપક્ષના નેતા પરેશ ધાનાણી દિલ્હીથી પરત ફર્યા છે. ગુજરાત કોંગ્રેસમાં અસંતોષ અને નારાજગી મુદ્દે બંને નેતાઓએ ગુજરાત પ્રભારી બેઠક બોલાવી છે.

રાહુલ ગાંધી વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના લાલડુંગરી ખાતે એક મહારેલીને સંબોધન કરશે. રાહુલ ગાંધી બુલેટ ટ્રેન માટે જમીન સંપાદન મામલે રેલી કરવાના હોવાની માહિતી મળી છે. વલસાડ બેઠક આદિવાસી માટે અનામત સીટ છે. ૨૦૦૪ અને ૨૦૦૯ના વર્ષમાં આ બેઠક કોંગ્રેસ પાસે હતી. એટલું જ નહીં વલસાડ જિલ્લા હેઠળ આવતી ધારાસભાની ત્રણ બેઠક હાલ કોંગ્રેસ પાસે છે. આ માટે જ રેલી માટે વલસાડ જિલ્લાની પસંદગી કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

બીલીમોરા તાંત્રિક બાબા પ્રકરણમાં

અશ્લીલ વીડિયો વાયરલ કરનાર સુરતના આરોપીના બે દિ'ના રિમાન્ડ

સુરત

બીલીમોરાના તાંત્રિક દ્વારા મહુવા વિસ્તારની એક પરિણીતા સાથે બળાત્કાર ગુજારવાના એક કિસ્સામાં અશ્લીલ વીડિયો વાયરલ કરનારા ભીમરાડના આરોપીની બારડોલીના સીપીઆઈ ચૌહાણ દ્વારા ધરપકડ કરાયા બાદ તેને કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહુવા વિસ્તારની એક પરિણીતાને ધાર્મિક તાંત્રિક વિધિ કરવાના બહાને સાપુતારા વૈશાલી ગેસ્ટ હાઉસમાં લઈ જઈ બબ્બે વાર બળાત્કાર બીલીમોરાના તાંત્રિક શૈલેષ નાયકા દ્વારા ગુજારવામાં આવ્યો હતો. બળાત્કારની ઘટના બે વર્ષ પહેલા બની હતી.

મહુવા પોલીસ મથકમાં પરિણીત પીડિતાએ તાંત્રિક શૈલેષ નાયકા વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી હતી. જોકે આ તાંત્રિકનો અશ્લીલ વીડિયો વાયરલ કરનારા ભીમરાડના પિતા જયેશ પટેલ અને પુત્ર આકાશ પટેલ સામે પણ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ડીસીબી ક્રાઈમ બ્રાંચ ઉધના-મગદલ્લા રોડ પર આવેલા ચોસઠ જોગણી માતાના મંદિર પાસેથી જયેશ પટેલની ધરપકડ કરી તેનો કબજો મહુવા પોલીસને સુપરત કર્યો હતો. આ ગુનાની તપાસ કરનારા બારડોલી સીપીઆઈ ચૌહાણે તેને કોર્ટમાં રજૂ કરી બે દિવસના રિમાંડ મેળવ્યા હતા. પોલીસે રજૂ કરેલા રિમાંડની અરજીમાં જણાવ્યું હતું કે આરોપી જયેશ પટેલ દ્વારા અન્ય કેટલી યુવતીઓના અશ્લીલ વીડિયો વાયરલ કરવામાં આવ્યા છે અને તેનો મોબાઈલ ફોન પણ કબજે કરવાનો બાકી છે.



લોકપાલની માંગણી સાથે સમાજ સેવક અન્ના હજારે શરૂ કરવા ઉપવાસના સમર્થનમાં સુરત ખાતે ઈન્ડિયા અગેન્સટ કરપ્શન મુવમેન્ટ ગુજરાતના કાર્યકરોએ પણ કલેક્ટર કચેરી ખાતે આમરણાંત ઉપવાસ ઉપર બેઠા છે.

બેરોજગારોના નામોની નોંધણી તેમજ માર્ગદર્શનનો કાર્યક્રમ

વિવિધ તાલુકા મથકોએ નામો નોંધાવી શકાશે

સુરત

સુરત જિલ્લા રોજગાર કચેરી તરફથી દર બે માસના પહેલા મંગળવારે ઓલપાડ તા.૦૫/૦૨/૨૦૧૯, બીજા મંગળવારે કામરેજ તા.૧૨/૦૨/૨૦૧૯, ત્રીજા મંગળવારે પલસાણા તા.૧૯/૦૨/૨૦૧૯ ના રોજ તાલુકા પંચાયત કચેરી ખાતે દિવસ દરમ્યાન બેરોજગાર ઉમેદવારોની નામ નોંધણી/રીન્યુઅલ, અપડેશન તથા માર્ગદર્શનની કામગીરી હાથ ધરવામાં આવશે.જે મુજબ ફેબ્રુઆરી માસ દરમ્યાન ઉપર જણાવેલ સ્થળ તારીખ અને દિવસે ઉપરોક્ત તાલુકા મથકોએ આ કામગીરી હાથ ધરવામાં આવશે. જેથી રસ ધરાવતા ઉમેદવારોએ પોતાના તમામ અસલ પ્રમાણપત્રો અને તેની પ્રમાણિત નકલ તથા પાસપોર્ટ સાઈઝના બે કલર ફોટા અને ઓળખકાર્ડમાં નોંધણી તાજી કરવા તેમજ ડિસેમ્બર-૨૦૧૮ થી ફેબ્રુ.-૨૦૧૯ દરમિયાન નોંધણી થયેલ હોય તેવા દરેક ઉમેદવારોએ તા.૨૮/૦૨/૨૦૧૯ સુધીમાં નામ નોંધણી તાજી કરાવી લેવી એમ ઈ.ચા.મદદનીશ નિયામકશ્રી (રોજગાર) સુરતની યાદીમાં જણાવાયું છે.

પિતા સાથે ઝઘડો કરતા ભાઈને રોકવા જતા મજૂર પર હુમલો

ઉશ્કેરાયેલા યુવકે પથ્થર ઉંચકીને મારી દીધો

સુરત

માંડવી-કીમ ડુંગરા અમલસાડી ગામ ખાતે એક મજુર પર પથ્થર ઉંચકીને માર મારતા તેને ઈજાઓ પહોંચાડી ફરાર થઈ જવાનો બનાવ પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માંડવી તાલુકાના અમલસાડી ગામના તાડ ફળીયામાં પિયુષ ચૌધરી રહે છે. ગતરોજ પિયુષકુમાર અમલસાડી ગામ પાસેથી પસાર થતા હતા. ત્યારે હરેશકુમાર સતીષભાઈ ચૌધરી તેના પિતા સાથે ઝઘડો કરતો હતો. ત્યારે પિયુષ તેને સમજાવવા ગોય હતો. ઉશ્કેરાઈ ગયેલા હરેશે તેના શરીર પર પથ્થર વડે હુમલો કરી માર મારી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત સગાભાઈને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેણે સગાભાઈ વિરૂદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

શિક્ષકોનો ફેરબદલી કેમ્પ મોકૂફ રખાયો

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરત દ્વારા તા.૫-૨-૨૦૧૯ના રોજ જિલ્લા ફેર બદલી અંગેનો કેમ્પ રાખવામાં આવેલ હતો. જે હાલ પૂરતો અનિવાર્ય સંજોગોને કારણે મોકુફ રાખવામાં આવેલ છે. હવે પછીના કેમ્પ અંગેની વિગત પત્રથી જણાવવામાં આવશે તેમ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતની અખબારી યાદીમાં જણાવાયું છે.

ડિસે. થી માર્ચ કપલ/ફેમીલી ડીલક્ષ પ્રવાસો
રાજ્ય સરકારના કર્મચારીને LTC ની સુવિધા
• સિમલા-મનાલી-ડેલહાઉસી-ચૈપ્પોદેવી
• નૈનીતાલ-મસુરી-કોર્બેટ પાર્ક
• દાર્જિલીંગ-ગંગટોક-લાચુંગ-ચુમથાંગ
• દક્ષિણ ભારત-ઉટી-રામેશ્વર
• સ્પે. કેરાલા સાથે મુન્નાર-થેકડી
• આંદામાન-પોર્ટબ્લેર-હેવલોક
અસારવાવાળા 1950 થી આપની સેવામાં
અખિલભારત ટુર્સ & ટ્રાવેલ્સ પ્રા.લિ.
સ્વતંત્ર હોટલ - વાહન - AIR બુકીંગ
9375527702/03/04/05/06/07
O.26564488 M.9426179642
સુરેન્દ્રનગર M. 7817817692 - 7878617692
www.akhilbharat.in

સૌથી સસ્તી વિમાન યાત્રા
પ્રયોશા ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ
Ahmedabad @ : 8140194500, M.: 8140194200, Ph.: 079-40056857
Anand-8154947344, 7046301797, Mehsana-8849788935
સ્પે.કેરાલા
કોચીન, મુન્નાર, થેકડી, એલપ્પી, ત્રિવેન્દ્રમ, કોવાલમ બીચ
AC Deluxe Hotel + AC 2 x 2 Vehicle
₹ 24500/-PP
દિલ્હી-અક્ષરધામ
હરીદ્વાર, ઋષીકેશ, મથુરી, વૃંદાવન, આગ્રા
₹ 9000/-PP
નેપાળ-કાઠમંડુ
પોખરા, બનારસ, મનોકામનાદેવી, ચિતવાન, સૌરાહા, અર્નાકોટ, લાંબીનો, નારાયણગઢ
AC Bus + ગુજરાતી ભોજન વ્યવસ્થા
₹ 14800/-PP
સ્પે.હનીમુન ટુર
દિલ્હી-અક્ષરધામ, દિલ્હી દર્શન, જીવીયાર્ડ્સ, કાશ્મીર, મુસૂરી, ઋષિકેશ, હરિદ્વાર, ચંડીગઢ, મનાલી, ડેલહાઉસી, ધર્મશાલા, ચાર ધામ યાત્રા
Near AC Bus
₹ 17200/-PP
બેંગ્લોર, મૈસુર, ઉટી, કોડાઈકેનાલ, મદુરાઈ, કન્યાકુમારી, પદ્મનાભમ પેલેસ, ત્રિવેન્દ્રમ-કેરાલા, રામેશ્વરમ, ચેન્નાઈ, મહાબલીપુરમ, પોંડીચેરી, તીરૂપતી બાલાજી
AC 2x2 ગુજ. ફૂડ + ગાઈડ + ગુજ. ફૂડ + ગાઈડ + ગુજ. ફૂડ + ગાઈડ
₹ 23500/-PP
ઉપરના ભાવમાં પેકેજમાં 5% GST Extra
prayoshatoursandtravels@gmail.com

ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા ઉમરસાડી ગામે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



વલસાડ

ગુજરાત ઈકોલોજી કમિશન અને વિંગ્સ ફાઉન્ડેશન દ્વારા પારડી તાલુકાના ઉમરસાડી ગામે પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

વીંગ્સ ફાઉન્ડેશનના દર્શનાબેન જોષીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં પર્યાવરણ ઉપર થતી ગ્લોબલ વોર્મિંગની અસરને જોતાં કેન્દ્ર સરકારે 'ગ્રીન ગુડ્સ ડીડ્સ' નામના કાર્યક્રમ દ્વારા વિવિધ ગ્રામ્ય વિસ્તારોના લોકોમાં જાગૃતિ માટેના પ્રયત્નો હાથ ધર્યા છે. તેમણે પર્યાવરણને લગતા પ્રેઝન્ટેશન થકી વિવિધ મુદ્દાઓની સવિસ્તર ચર્ચા-વિચારણા કરી હતી.

ઊર્જા અને પાણી બચાવો, જૈવ વિવિધતા, વાહન વ્યવહાર, શુદ્ધ હવા માટે પગલાંઓ લેવા તેમજ કચરા નિકાલનું વ્યવસ્થાપન વન્યપ્રાણી અભ્યારણોની જાળવણી, કુશળતાથી રસોઈ કરવી, ખેતીવાડી માટેનાં પગલાં, દરિયાઈ જીવોનું સંરક્ષણ વગેરે મુદ્દાઓ ઉપર વિષદ પરામર્શ કરાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ આધારિત ડાક્યુમેન્ટરી ફિલ્મનું નિદર્શન કરવાની સાથે સાપસીડી, ક્વીઝ કોમ્પીટીશન જેવી રમતો થકી પણ પર્યાવરણ જાગૃતિના પ્રયાસો હાથ ધરાયા હતા. રમતમાં વિજેતાઓને પ્રોત્સાહક ઈનામો પણ આપવામાં આવ્યા હતા.

આ અવસરે ગામના સરપંચ વનિતાબેન, તાલુકા પંચાયત સભ્ય રાજુભાઈ, શાળાના આચાર્ય વિજયભાઈ સહિત ગ્રામજનો, શાળાના બાળકો વગેરે મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

વલસાડથી નિરાલીબેન ગુમ થઈ છે

વલસાડના રણછોડજી નગર, હોન્ડા શોરૂમની બાજુમાં રહેતી નિરાલીબેન ભૂપેન્દ્રભાઈ પટેલ તા.૨૯/૧/૧૯ના રોજ રાત્રે ૯-૩૦ કલાકે પોતાના ઘરેથી ક્યાંક જતી રહી છે, જે આજદિન સુધી ઘરે પરત આવી નથી. ગુમ થનારની ઉંમર ૨૦ વર્ષ, ઊંચાઈ પ.૫ ફૂટ, રંગે ઘઉંવર્ણ, મોઢું લંબગોળ, પાતળો બાંધો, શરીરે બ્લ્યુ કલરનું ફુલવાળું ટીશર્ટ તથા કમરે બ્લેક કલરનું જીન્સ પેન્ટ પહેર્યું છે. પગમાં ચંપલ પહેરી છે. જે ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી ભાષા જાણે છે. આ વર્ણનવાળી યુવતીની જો કોઈને ભાળ મળે તો વલસાડ સીટી પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

JINDAL VISHWAS
iSC Indian Steel Corporation Ltd.
durashine TATA BLUESCOPE STEEL
LOTUS
Manaksia Limited
JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets
• પોલીકાર્બોનેટ • PVC • ગેલ્વેનાઈઝ
• એલ્યુમીનીયમ • MS • CRC
પતરા તથા પ્લેટ
TATA SHAKTEE
કોરૂગેટેડ, પ્રોફાઈલ & કલર કોટેડ
• ગેલવેનાઈઝ • એલ્યુમીનીયમ • PVC સીટસ
Steel Trading Company
Mugatlal Group
Nr. Krishna Pertrolpump, Udhna main road, Surat
Ph. 0261-2324869, 2344911, M.: 7575882332
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in


સુખારામ
ઓપ્ટીકલ હાઉસ
ઘોડદોડ રોડ - કામરેજ ચાર રસ્તા - વેસુ
ઓકલી, સીલોટ, ઓક્સીડો, પોલીસ, ટેગ હ્યુયર, બોશ, અરમાની, પ્રાદા, કરેરા, રેબન, સ્ટેપર, ગુચી, પીયર કારદીન, ડી.એન્ડ જી. કલેકશન વિગેરે બ્રાન્ડની ફ્રેમો, ગોગલ્સ, કોસ્મેટીક લેન્સ, B & L કોન્ટેકલેન્સ વિગેરે હાજરમાં મળશે. કોમ્પ્યુટરાઈઝડ આઈ ટેસ્ટીંગ કોન્ટેકટ લેન્સ ક્લીનિક
ઘોડદોડ રોડ: ૧/૧-૨-૩-૪, ત્રિભુવન કોમ્પલેક્ષ, પીઝાહટની બાજુમાં, ઘોડદોડ રોડ, સુરત. ફોન : 2666806, મો.- 78744 44876
કામરેજ ચાર રસ્તા: એફ/૬-૭-૮-૯, ઉરમ એમ્પાયર, કામરેજ બસ સ્ટેન્ડની સામે, કામરેજ ચાર રસ્તા.૩૯૪ ૧૮૫. મો. - 95127 42045
વેસુ: જી/૨૬-૧૧/૨૬, સોમેશ્વરા સ્કવેર, આગમ હેરીટેજની સામે, સોમેશ્વરા એન્કલેવ, વેસુ, સુરત.મો. - 63510 20422

યુથ રેડક્રોસના ડૉ.ભાવિન રાજેશ શિરોયાના જન્મ દિવસની ઉજવણી નિમિત્તે શુભેચ્છાની વર્ષા





આજે યુથ રેડક્રોસ, ના ડૉ.ભાવિન રાજેશ ભાઈ શિરોયા ના ૨૨ વર્ષ પૂર્ણ થયા અને ૨૩ માં વર્ષ માં પ્રવેશ કર્યો એ બદલ વરાછા વિસ્તારની વર્ષા સોસાયટી આંગણવાડી, હેપ્પી બંગલોઝ પાસે મોહનકાકાની ચાલની આંગણવાડી તેમજ ભાઈ પાર્ક પાસે ભોળા નગર ની આંગણવાડી આ ૩(ત્રણે) સ્થળે નાના ગરીબ બાળકો ને બિસ્કીટ વિતરણ , કેક વિતરણ અને કીટ વિતરણ કરી મારા મિત્ર ગણ ,સ્નેહીજનો અને વડીલો દ્વારા જન્મ દિવસ ની ઉજવણી કરવામાં આવી.

દરેક યુવાનોને એક વિનંતી કરવા માગું છું કે આપના જન્મ દિવસે આપ ખોટા ખર્ચ ના કરતા આવા ગરીબ અનાથ અને સ્લમ વિસ્તારમાં રહેતા બાળકો સાથે જન્મદિવસની ઉજવણી કરો તો એ લોકોને પણ પોતાનું કોઈક છે એવો અનુભવ થશે અને એ જ આપના જન્મદિવસની સાચી શુભકામના ગણાશે. આ કાર્યક્રમમાં જન્મદિવસની શુભકામનાઓ પાઠવવા માટે સુરત શહેરના પૂર્વ મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, જીલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ-લોક દ્રષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ ૨ સક્ષમ પશ્ચિમ ભારતના કાર્યવાહક ડૉ.પ્રફુલ શિરોયા, લોકદ્રષ્ટિ ચેરીટેબલ ટ્રસ્ટના ઉપ-પ્રમુખ દિનેશભાઈ પટેલ ,વોર્ડ નંબર ૨ ના પ્રમુખ ભાવિન ભાઈ કરકર, વોર્ડ નંબર ૭ ના પ્રમુખ શૈલેષભાઈ બારૈયા, મારા સહયોગી મિત્ર શ્રી રજનીકાંતભાઈ હિરપરા, શ્રી નીલેશભાઈ વેજપરા, હિરેનભાઈ ગજેરા, અક્ષય કાથરોટીયા તેમજ જાગ્રત માવાણી અને મારા સાથી ડોક્ટરો ડૉ.પાર્થ, ડૉ.વિશાલ, ડૉ.રોનીલ, મિત્ર જેમીશ અને હાર્દિક વગેરે મિત્રો ઉપસ્થિત રહી મારા આ જન્મદિવસના પ્રસંગને દીપાવ્યો હતો.

દક્ષિણ ગુજરાતમાંથી શિયાળાની વિદાય : સતત તાપમાનમાં વધારો

બે દિવસમાં તાપમાન એકાએક પાંચ ડિગ્રી વધી ગયું

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે તાપમાનમાં સડસડાટ વધારો થતા ઠંડીથી રાહત મળવાની સાથે બપોરે ગરમીનો અનુભવ થવા લાગ્યોછે આજે ન્યુનત્તમ તાપમાનમાં એક સાથે ૩ ડિગ્રીનો વધારો નોંધાયો છે. ગત બે દિવસમાં સડસડાટ તાપમાનમાં ૫ ડિગ્રીનો વધારો નોંધાયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૩.૮ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૨૦.૮ ડિગ્રી નોંધાયુ છે. હવામાં ભેજનું પ્રમાણ ૭૩ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭.૬ મલીબાર નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે ન્યુનત્તમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો નોંધાયો છે. મળસ્કે વાતાવરણમાં ઠંડ મળી હતી પરંતુ સૂર્યોદયની સાથે સાથે તાપમાન વધતા બપોરના સમયે તાપનો અનુભવ થયો હતો. આમ બે દિવસમાં તાપમાનમાં સડસડાટ ૫ ડિગ્રીનો વધારો નોંધાયો છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૫.૧ ડિગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૧૪.૫ ડિગ્રી નોંધાયું હતું. વલસાડમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૬.૬ ડિગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે ૩ ડિગ્રીનો વધારો નોંધાયો છે. આમ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આજે સવારથી તાપમાનમાં વધારો થતા બપોરના સમયે આકરા તાપનો અનુભવ થઈ રહ્યો છે. આગામી દિવસોમાં ઠંડીની વિદાય સાથે ઉનાળાની શરૂઆત થાય તેવી શક્યતા છે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં છેલ્લા બે દિવસમાં ન્યુનત્તમ તાપમાનમાં સડસડાટ ૫ ડિગ્રી વધારો થતા આજે ઠંડી ગાયબ થઈ હોય તેવો શહેરી વિસ્તારમાં અનુભવ થયો હતો. આગામી સપ્તાહ સુધી તાપમાન યથાવત રહેશે અને ત્યારબાદ ધીરે ધીરે શિયાળાની વિદાય માન્ય તેવી શકયતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

મહુવામાં ચકલી અને પોપટનો જુગાર રમતા બે જુગારી પકડાયા

સુરત

મહુવા-બુધલેશ્વર ગામ ભવાની માતાના મંદિર પાસે ની ખુલ્લી જગ્યામાં ચકલી પોપટનો જુગાર રમાડતા બે આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે મોટર સાયકલ, રોકડા તથા મોબાઈલ ફોન મળી કુલ ૮૫ હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ચકલી-પોપટનો જુગાર રમાડનારા બે આરોપીઓને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા હતા.પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મહુવા તાલુકાના બુધલેશ્વર ગામ ખાતે જતીનભાઈ જગુભાઈ નાયકા તથા રાકેશભાઈ નાયકા રહે છે. તેઓ ચકલી પોપટનો જુગાર જાહેરમાં રમાડતા હતા. પોલીસે દરોડા પાડી રોકડા રૂા.૧૫,૧૨૦ મોબાઈલ ફોન, બાઈક મળી કુલ ૮૫ હજારનો મુદ્દામાલ કબજે કરી તેઓની ધરપકડ કરી હતી. જ્યારે બે વાહન ચાલકો ફરાર થઈ ગયા હતા. પોલીસે આ ગુનામાં ચાર વાહનો કબજે કર્યા હતા.

સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા સન્માન કરાયું



સુરત શહેર ટ્રાફિક પોલીસ દ્વારા માર્ગ સલામતી સપ્તાહના શુભારંભ પ્રસંગે ઉપસ્તિથ સૂરત શહેર પોલીસ કમિશનર સતીશ શર્મા સાહેબ વણકર સમાજના મંત્રી અને બી.જે.પી પ્રદેશના ડેલીગેટ ભરત મર્ચન્ટ સાહેબનું સન્માન કરતા પોલીસ વિભાગ અને વણકર સમાજ સહીત બીજેપી કાર્યકરોમાં આનંદની લાગણી જોવા મળી હતી.

સૂરત શહર के लोहे के सबसे पुराने,
ESSAR 24 CARAT 999%
प्रतिष्ठित व्यापारी BALBIR
लोहे के गडर, चेनल, ऐंगल, प्लेट,
एच.आर.-सी.आर.-गेल्वेनाइज शीट,
पट्टी, पाटा, बांधकाम के T.M.T. बार,
ब्राइट बार, पाईप एवं लोहे की
प्रत्येक आइटम के 45 वर्ष से
विश्वसनीय व्यापारी
सेल SAIL
शाह एन्ड कंपनी
JINDAL
रोड नं.15, उधोगनगर, उधना, सूरत.
Ph.: 2277137/2279627 M. 9374718583. शैलेष बाफना

TEXMO
Aqua Group
TEXMO
AQUATEX
कोईम्बतुरની
પ્રખ્યાત ડોમેસ્ટીક,
એગ્રિકલ્ચર અને
ઈન્ડસ્ટ્રીયલ
પમ્પસની
વિશાળ શ્રેણી
: ઓથોરાઈઝ્ડ ડિલર :
MEC મેઘદૂત એન્જીનીયરીંગ કું.
૭/૪૫૨૨, કિશોર કોલ્ડ્રીંકસ પાસે, દારૂખાના રોડ,
બેગમપુરા, સુરત. મો.: 9825248425, 0261-2418533

જય અંબે યાત્રા સંઘ આયોજિત
કાશી સાથે નેપાળ ₹.૧૪,૫૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૩-૦૨-૨૦૧૯ થી ૧૭-૦૨-૨૦૧૯)
કાશી, અલાહાબાદ, છપૈયા, અયોધ્યા, લુમ્બિની, પોખરા, મનોકામના, ગંડકી, પશુપતિનાથ, કાઠમંડુ
રામેશ્વરમ ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૪
(તા.૦૫-૦૨-૨૦૧૯ થી ૧૮-૦૨-૨૦૧૯)
કન્યાકુમારી, મદુરાઈ, શ્રીરંગમ, પદ્મનાભ, ત્રિવેન્દ્રમ, કોડાઈ-કેનાલ, પેદ્દુર, તિરૂપતિ બાલાજી, કોલમબીચ
જગન્નાથપુરી ₹.૧૨,૦૦૦/-
પ્રવાસ દિવસ-૧૨
(તા.૨૦-૦૨-૨૦૧૯ થી ૦૫-૦૩-૨૦૧૯)
જગન્નાથપુરી, કલકત્તા, ભુવનેશ્વર, ગંગાસાગર
સવારે ચા-નાસ્તો, બે ટાઈમ જમવાની વ્યવસ્થા
આવવા-જવા માટેની વ્યવસ્થા પ્લેન તથા ટ્રેઈનમાં રાખવામાં આવી છે.
સાઈટસીન ફરવા માટે 2x2 એ.સી. બસ રહેશે
જુજ સંખ્યામાં જવાનું હોય વ્હેલા તે પહેલાંના ધોરણે નોંધાવવા વિનંતી
દરેક જગ્યાએ બે વ્યક્તિ માટે રૂમ આપવામાં આવશે.
સંપર્કઃ જડેશ્વર ચોકડી, ગજાનન કોમ્પ્લેક્ષ, દુકાન નં.૧૩, ભરૂચ
M. 78749 60427 - 78749 60465

મઢીવાલા
લિનીમેન્ટ અને પેનબામ
સાંધા, કમ્મર, ગરદન, નશનાં દુખાવા માટે અસરકારક
022-24147642
022-24147643
Madhivala LINIMENT
ઉત્પાદકઃ
રેમેડીઝ ફાર્માસ્યુટિકલ્સ
Kalpy Medicine - Ahmedabad : 079-26582906
Parekh Medical - Bhuj : 02832-254068

merino
ફ્લેટ - બંગલા - ઓફિસના
ફર્નીચર માટે ઉત્તમ કવોલીટીનું પ્લાયવુડ
મેરીનો લેમીનેટ સીટસ્
100% ગરજન (Gurjan) B.W.P. વોટરપ્રુફ પ્લાયવુડ
સેમી વોટરપ્રુફ (ગરજન) પ્લાયવુડ
ફુલ પેનલ કોર કોમર્શીયલ M.R. પ્લાયવુડ
બાંધકામ માટે શટરીંગ પ્લાયવુડ
Ex-cel પી.વી.સી. સીટ
ડેકોરેટીવ વિનીયર - લેમીનેટ - M.D.F. સિમેન્ટ સીટ, ફેવીકોલ બ્લ્યુકોટ
ઓર્થો. ડિસ્ટ્રીબ્યુટર
જથ્થાબંધ ભાવે મળશે.
ઘાએલ પ્લાયવુડ રમેશભાઈ
૩-૪, પ્રોપ્રાઈટરી હાઈસ્કૂલ બિલ્ડીંગ, બુંદેલાવાડ, કોટ સફીલ રોડ, ભાગળ, સુરત-૩.
Ph. (0261) (0) 2434152, 2423152.
Mo. 98251 33652, 97270 02095, 98251 16689 .

GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપ અને IBR ફીંટીંગ્સ
MS અને GI ફીંટીંગ્સ અને વાલ્સ
ચેનલ, એન્ગલ, બીમ, પ્લેટ
મુગટલાલ બી. એન્ડ સન્સ
ઉધના મેઈનરોડ, ક્રિષ્ના પેટ્રોલ પંપની બાજુમાં સુરત.
ફોન : ૨૩૬૮૬૧૧,૨૩૪૪૯૧૧ • E-mail : info@mugatlalbsons.com

ડેડીયાપાડામાં મહિલાની છેડતી કરનાર

પરિણીત યુવાનની ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળતા ચકચાર, હત્યા કે આત્મહત્યા રહસ્ય અકબંધ

ડેડીયાપાડા ખૈડીપાડા ગંભીર ગુલાબસીંગ વસાવાએ એક મહિલાની છેડતી કરી હતી, બાદ આ મામલે મહિલાના પરિવારજનોએ એને સરપંચના ઘરે સમાધાન માટે બોલાવ્યો હતો

રાજપીપળાઃ નર્મદા જિલ્લાના ડેડીયાપાડામાં એક એવો કિસ્સો બન્યો કે એ હત્યા છે કે આત્મહત્યા એ અંગે શંકા ઉપજાવે છે. ડેડીયાપાડાના ખૈડીપાડા ગામના એક પરિત યુવાને એક મિલાની છેડતી કરી.તો એ મહિલાના પરિવારજનોએ યુવાનને એના ઘરે જઈ માર્યો બાદ સરપંચના ઘરે સમાધાન માટે પણ બોલાવ્યો અને બીજે દિવસે એ યુવાનની ગળે ફાંસો ખાધેલી હાલતમાં લાશ મળી. આ મામલે ડેડીયાપાડા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ડેડીયાપાડા પોલીસ મથકમાં નોંધાયેલી ફરિયાદ મુજબ ડેડીયાપાડા ખૈડીપાડા ગામે રહેતા ૩૮ વર્ષીય ગંભીર ગુલાબસીંગ વસાવાએ પોતાના જ ગામની એક મહિલાની છેડતી કરી હતી.આ મામલે છેડતીનો ભોગ બનેલી એ મહિલા સહિત પરિવારજનો પૈકી અમરસીંગ વેસ્તા વસાવા તથા રાજેશ કાલીયા વસાવાએ ગંભીર ગુલાબસીંગ વસાવાના ઘરે આવી એને ગાલ ઉપર ત્રણ તમાચા માર્યા હતા અને ગામના સરપંચને ત્યાં સમાધાન માટે ભેગા થવાનું કહ્યું હતું. તો ગંભીરની પત્ની સોમીબેને બીજે દિવસે સવારે સમાધાન માટે ભેગા થવા પણ જણાવ્યું હતું,બાદ પતિ-પત્ની રાત્રે પોતાના ઘરે સુઈ ગયા હતા.તો બીજે દિવસે સવારે ૮:૦૦ વાગે ખૈડીપાડા ગામેથી દક્ષિણે ૧૬ કિમિ કાકરપાડા પશ્ચિમ વિસ્તાર માંથી ગંભીર વસાવાની લાશ મોહુડાના ઝાડ સાથે દોરડા વડે ફાંસો ખાધેલ હાલતમાં મળી આવી હતી,આ બાબતની જાણ મરનાર ગંભીરની પત્ની સોમીબેને ડેડીયાપાડા પોલીસને કરતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સવર્ણ જાતિઓને ૧૦ ટકા અનામતનો વિવાદઃ કાછીયા જાતિને બિન અનામત વર્ગમાં સમાવવા સીએમ રૂપાણીને રજુઆત



લ્યો..કાછીયા જ્ઞાતિનો સવર્ણ જાતિમાં કે ST, SC,OBCમાં પણ સમાવેશ થતો નથી..તો અમે ક્યાં જઈએઃ નર્મદા જિલ્લા કાછીયા સમાજનો સીએમ રૂપાણીને પ્રશ્ન..

જો યોગ્ય ન્યાય નહિ મળે તો નર્મદા જિલ્લા સહીત રાજ્ય વ્યાપી આંદોલન કરવા કાછીયા સમાજ અચકાશે નહિઃ મહેશ દલાલ, ગુજરાત રાજ્ય કાછીયા સમાજ સેવા સેતુ ટ્રસ્ટ મેનેજીંગ ટ્રસ્ટી

રાજપીપળા :ગુજરાત સહીત ભારતમાં જ્ઞાતિઓનું રાજકારણ હંમેશા ચાલતું આવ્યું છે.છેલ્લા કેટલાય વર્ષથી વિવિધ રાજ્યોમાં અનામતની ચળવળ ચાલે છે.અને ગુજરાતમાં પણ પાટીદાર આંદોલન ઘણા વર્ષોથી ચાલી રહ્યું છે.બીજી પણ એક બાબત એવી છે કે બંધારણને તોડી અનામત અપાવી સહેલી નથી છતાં આગામી ૨૦૧૯ની ચૂંટણીમાં સવર્ણ વોટ બેન્કને ભાજપમાં વાળવા મોદી સરકારે સવર્ણ અનામત આપી દીધી.ત્યારે આ સવર્ણ જાતિમાં સમાવેશ એવા કાછીયા સમાજના લોકો ૧૦ ટકાનો લાભ લેવા ગયા ત્યારે તેમને ખબર પડી કે તેઓ સવર્ણ જાતિમાં આવતા નથી કે નથી જી,જીઝ,ંભ્ઝ માં આવતા.લ્યો બોલો આજે દેશને આઝાદ થયે ૭૩ વર્ષ વીતી ગયા પણ રાજ્યમાં ૧ લાખથી વધુ વસ્તી ધરાવતી કાછીયા જ્ઞાતિ સેમા આવે છે એ કોઈને ખબર નથી.ત્યારે આ મામલે ઉગ્ર વિરોધ દર્શાવી નર્મદા જિલ્લા કાછીયા સમાજે કાછીયા જાતિને બિન આમત વગમાં સમાવેશ કરવા સીએમ રૂપાણીને સંબોધતુ આવેદનપત્ર નર્મદા કલેકટરને સુપ્રત કર્યું હતું. અને જો યોગ્ય ન્યાય નહિ મળે તો ઉગ્ર આંદોલનની ચીમકી આપી છે.

આ બાબતે ગુજરાત કાછીયા સમાજ સેવા સેતુ ટ્રસ્ટ મેનેજીંગ ટ્રસ્ટી મહેશ દલાલે જણાવ્યું હતું કે અત્યાર સુધી અમને જનરલ કેટેગરીમાં ગણવામાં આવતા હતા અમે પણ ૨૦૦૨માં અનામતની લડત છેડી હતી.અને અનામત માટે આંદોલન પણ ચલાવ્યું હતું પણ હજુ સુધી મળ્યું નથી ત્યારે અમારી કાછીયા જ્ઞાતિ નથી સવર્ણમાં ગણાતી કે નથી જી, જીઝ, ંભ્ઝમાં ગણાતી,તો આ જ્ઞાતિ ક્યાંથી આવી આઝાદીની લડતમાં પણ સમાજનું યોગદાન છે ત્યારે સરકાર દ્વારા તાજેતરમાં જે જ્ઞાતિઓનું લિસ્ટ મુકવામાં આવ્યું છે.જેમાં કાછીયા સમાજ જ્ઞાતિનો સમાવેશ થતો નથી. મામલતદારથી લઈ સમાજ કલ્યાણ અધિકારીઓને મળ્યા પણ કોઈ સરખો જવાબ અપાતો નથી જેથી હવે આગામી સમયમાં અમે રાજ્યવ્યાપી આંદોલન કરતા ખચકાઈશું નહિ.નર્મદા કલેકટરને આવેદનપત્ર આપતી વેળાએ રાજપીપળા કાછીયા પટેલ જ્ઞાતિ પંચના પ્રમુખ કનુભાઈ કાછીયા, કૌશિક. ચંદુલાલ. પટેલ, રાજપીપળા પાલિકા સભ્ય મહેશ. એસ. કાછીયા, કાજલ.આર. કાછીયા, મહેશ દલાલ, કે.બી.પટેલ સહિત મોટી સંખ્યામાં કાછીયા સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પતંજલિના લિમિટેડના ફોડ એકાઉન્ટથી નાંદોદ કરાંઠાના પાટીદાર યુવાન પાસેથી ૭.૫૦ લાખની ઠગાઈ

પતંજલિની પ્રોડક્ટો માટેની ડીલરશીપ માટે ઓનલાઈન અરજી કરતા યુવાન સાથે કરાઈ ઠગાઈ, યુવાને પોલીસને ફરિયાદ કરી વકીલ મારફતે કંપનીને ૪ નોટિસો મોકલાવી પણ કોઈ જવાબ આવ્યો નહીં

રાજપીપલાઃનાંદોદ તાલુકાના કરાંઠા ગામના એક શિક્ષિત યુવાને ધંધા માટે પતંજલિ કંપનીની ડીલરશીપ માટે ઓનલાઈન એલીકેશન કરતા યુવાન કોઈ ફોડના હાથે આવી ગયો પતંજલિની ડીલરશીપ લેવા માટે એ યુવાન પાસે ૭.૫૦ લાખ વારંવાર બેંકોમાં રૂપિયા ભરાવ્યા,પણ કોઈ આધાર પુરાવો કે કોઈ વસ્તુ ૪ મહિના સુધી ના આવતાં અંતે કોઈ ફોડ દંપતી પોતાની સાથે ઓનલાઈન ડીલિંગ કરી ૭.૫૦ લાખ ખંખેરી લીધા હોવાનું એ યુવાનને ખબર પડી.પોતે છેતરાઈ ગયો હોવાનું જણાતા વકીલ મારફતે ૪ વાર નોટિસો મોકલાવી પણ એનો કોઈ જવાબ ના આવતા અંતે યુવાને છેતરપિંડીની રાજપીપળા પોલીસને ફરિયાદ કરી અને હવે આ ફોડ લોકો વિરુદ્ધ ફ્રૂદૅ કરો એવી માંગ કરી પોલીસની મદદ માંગી રહ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નાંદોદના કરાંઠા ગામે રહેતા પ્રિયાંક રમેશભાઈ પટેલ ધંધો રોજગાર કરવા પતંજલિ આર્યુવેદીક લિમિટેડની ડીલરશીપ લેવા માટે ઈન્ટરનેટના માધ્યમથી નામ સરનામું મેળવી અરજી કરી હતી. ટેલિફોનિક વાત પણ કરી ત્યારબાદ ૧૫૫૦૦ ભરી રજીસ્ટ્રેશન પણ કર્યું.ત્યાર બાદ પતંજલિ આર્યુવેદીક લિમિટેડના નામના પંજાબ નેશનલ બેન્કમાં ઈ્ય્જી કરી સતત ૭ વાર ટ્રાન્જેક્શન કરી કુલ ૭.૨૯ લાખ રૂપિયા ભર્યા.તે છતાં કોઈ પ્રોડક્ટ કે ડીલરશીપ અંગેનું કરારનામું પોતાના ઘરે આવ્યું નહિ.એ યુવાનના જણાવ્યા મુજબ એણે આ ડીલરશીપ મામલે કંપનીના મેનેજર ગણાવતા કોઈ રાકેશ ઝા નામના વ્યક્તિએ આ તમામ ડીલિંગ કરી હતી.બાદમાં હવે કોઈ ફોન પણ નથી ઉપાડતુ,જે તે એકાઉન્ટમાં ઈ્ય્જી કર્યું ફોડ એકાઉન્ટ છે કે કંપનીનો કોઈ એમ્પ્લોયી પતંજલિ આયુર્વેદીક લિમિટેડના નામનો દુરુપયોગ કરે છે.એ બાબતે હવે આ ફોડ સામે ગુનો નોંધાયા બાદ ખબર પડે.

જો ફેક એકાઉન્ટ છે તો બેંકો કેટલી જવાબદાર

આજ કાલ બેંકો પોતાના બેંક ખાતાઓ વધારવા માટે ખૂબ દોટ મૂકે છે.પતંજલિ આર્યુવેદ લિમિટેડનું ખાતું કોઈ અન્ય ખાનગી વ્યક્તિએ કેવી રીતે ખોલાવ્યું, સામાન્ય માણસે ખાતું ખોલાવવું હોય તો કેટલા ડોક્યુમેન્ટની જરૂર પડે છે.તો આ ફોડ એકાઉન્ટ કેવી રીતે બની ગયું,કરંટ ખાતું શરૂ કરવા માટે જરૂરી એજન્સીના પ્રોપ્રરાઈટરની જરૂર પડે છે હવે પતંજલિ બ્રાન્ડ સૌ કોઈ જાણે છે.તો આ અલગ વ્યક્તિના નામે ખૂલેલા એકાઉન્ટમાં પાન કાર્ડ, સહીત લિમિટેડ કંપનીના ડોક્યુમેન્ટ ક્યાંથી કેવી રીતે બનાવ્યા આ તમામ બાબતની જો તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવે એમ છે.

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in

આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. તમને જોઇતુ નોકરીયો કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની જોડાયેલ ટીમના મેમ્બરો પેસાઓ

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

માત્ર ૫૫૦/-માં PLAN - A	
LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-

માત્ર ૩૦૦૦/-માં PLAN - B	
LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો ઘનંજય ઝવેરી 7575006847-48 | શરદ જાદવ 7575006849 | રવિ પટેલ 7574888860 | અશેષ મોદી 7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com

મહેસાણા ડીસ્ટ્રીક્ટ બેંક સ્કૂલ ઓફ નર્સિંગ
Approved By Govt. Gujarat INC/GNC & H.N.G.U.
લાયન્સ જનરલ હોસ્પિટલ જેલ રોડ, મહેસાણા-૨.

પ્રવેશ ચાલુ છે

ક્રમ	કોર્સનું નામ	પ્રવેશ લાયકાત
૧	ડીપ્લોમા ઓફ સાયન્સ ઈન નર્સિંગ (ડી.એસ.સી.નર્સિંગ)	ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ (બાયોલોજી સાથે)
૨	જનરલ નર્સિંગ એન્ડ મીડવાઈફરી (જી.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ (અંગ્રેજી સાથે)
૩	ઓક્સીલરી નર્સ એન્ડ મીડવાઈફરી (એ.એન.એમ.)	ધોરણ-૧૨ કોઈપણ પ્રવાહ

-: સંસ્થામાં પ્રવેશ લેવાના ફાયદા :-

- જે વિદ્યાર્થીઓને એડમીશન લીધે ત્રણ વર્ષ થયેલ હોય તે વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવો. વય મર્યાદા-૩૫ વર્ષ
- એસ.એસ.સી./એચ.એસ.સી. અને ત્યારબાદ વિદ્યાર્થીઓને સરકારમાન્ય વિદ્યાપીઠમાંથી ગ્રેજ્યુએશન અને ડીગ્રી લીધી હોય તેમને
- જાહેર સ્થળોમાં લીધે ઉપલબ્ધ ટ્રસ્ટ, સ્કોલરશીપ તેમજ લાયક સ્ટાફ
- એક જ વિદ્યાલયમાં ૩૦ વર્ષથી વધારે ઉંમર ધરાવતાં એજયુકેટર ૩૦૦ પથારી ધરાવતી ટ્રસ્ટની હોસ્પિટલ, નર્સિંગ કોલેજ અને નર્સિંગ હોસ્ટેલ ધરાવતી હોય ત્યાં રહેવાની મફત
- સરકારશ્રીના નિયમોનુસાર અનુભવી વિદ્વાનો અલગ-અલગ વિષયો ક્લાસ રૂમ અને સુરક્ષા લાયબ્રેરીની સુવિધા
- હોસ્ટેલની સુવિધા, જુદા જુદા તેમજ ક્રમિક પગથારી સુવિધા તેમજ ૨૪-કલાક સીકયુરીટીની સુવિધા
- જુદા જુદા ધર્મો કોઈ પોતાના ધર્મના પ્રમાણપત્ર લાવે અમારી હોસ્ટેલ તે પહેલાના ધોરણે પ્રેમના તેવરી રહેશે.

સંપર્ક નંબર :-9106386311, 7016282970, 9925072904, 9825798802





ભરૂચમાં ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા પટેલ વેલ્ફેર નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓને માહિતી અપાઈ



ભરૂચમાં આવેલી પટેલ વેલ્ફેર નર્સિંગ કોલેજમાં સોમવારે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની માહિતી શિબિર યોજાઈ હતી. જેમાં વેલ્ફેર ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ ખાતે નર્સિંગ કરતા વિદ્યાર્થીઓ માટે જાગૃતિ કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. જેમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની ટીમના કાઉન્સેલર અનિતા પરમાર તથા મહિલા પોલીસ કોન્સેબલ સુનિતા પટેલ દ્વારા વિદ્યાર્થીઓને સરકારની ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનની કામગીરી અંગે વિસ્તાર પૂર્વક માહિતી અપાઈ હતી. ત્યાર બાદ નર્સિંગની મહિલાને ૧૮૧ એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હતી.કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સિપાલ, શિક્ષકો તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

બાળકીના અપહરણકારને તરીયા ગામેથી ઝડપી પાડતી ભરૂચ એલ.સી.બી

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાનાઓએ નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા અંગે આપેલ સુચના તથા એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સેપક્ટર જે.એન. ઝાલાનાઓના માર્ગદર્શન મુજબ જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓને હસ્તગત કરવા તથા મિસીંગ ગુમ વ્યક્તિઓ શોધી કાઢવા અંગે અવાર નવાર ડ્રાઈવો રાખી ટીમ બનાવી ચક્રો ગતિમાન કરેલ જે પૈકી પો.સ.ઈ. એ.એસ.ચૌહાણ તથા પો.સ.ઈ.વાય. જી. ગઢવીની ટીમના અ.હે.કો ચન્દ્રકાંતભાઈની બાતમી આધારે અંકલેશ્વર રૂરલ પો.સ્ટે. ગુ.ર.નં । ૨૪/૨૦૧૮ ઈ.પી.કો.કલમ ૩૬૩,૩૬૬ મુજબના કામે મિસિંગ અપહ્યત બાળકીને તથા તેનુ અપહરણ કરનાર આરોપી જસવંતભાઈ દિનેશભાઈ માછી પટેલ રહે.નવા તરીયા તા. અંકલેશ્વર જી.ભરૂચનાઓને પકડી પાડેલ છે અને આગળની વધુ તપાસ તથા કાર્યવાહી માટે અંકલેશ્વર રૂરલ પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવેલ છે.ઉપરોકત કામગીરી ભરૂચ એલ.સી.બી. પો.સબ.ઈન્સ. એ.એસ. ચૌહાણ, વાય.જી. ગઢવી એ.એસ.આઈ. બાલુભાઈ કાળાભાઈ અ.હે.કો ચન્દ્રકાન્તભાઈ શંકરભાઈ ઉપેન્દ્રભાઈ કેશરાભાઈ, અજયભાઈ રણછોડભાઈ, વર્ષાબેન રમણભાઈ તથા પો.કો તરૂણભાઈ રવજીભાઈ સર્કરાજભાઈ મહેબુબભાઈનાઓ દ્વારા કરવામા આવેલ છે.

ભરૂચ જિલ્લા ખેતીવાડી ઉત્પન બજાર સમિતિના ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ



ભરૂચની એપીએમસીની ચૂંટણીમાં સોમવારે સવારે વાગરાના ધારાસભ્ય અરુણસિંહ રણા અને વાઇસ ચેરમેન તરીકે નાગજી ગોહિલ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.

ભરૂચની બજાર સમિતિનું કાર્યશેત્ર ભરૂચ અને વાગરા આવેલું છે. બજાર સમિતિની ૪ જાન્યુઆરી એ ૨૦૧૮/૧૯ની બજાર સમિતિની મુદત પુરી થતા ચૂંટણીનું જાહેરનામુ પ્રસિદ્ધ થયું હતું અને ૯ જાન્યુઆરીના રોજ ચૂંટણીની તારીખ જાહેર થઈ હતી. પરંતુ આ વખતે પણ તેમની સામે કોઈ પણ પેનલના ઉમેદવારો ઉભા નહિ રહેતા ત્રીજી વખતે અરૂણસિંહની પેનલનો વિજય થયો હતો. સોમવારના રોજ ચેરમેન તથા વાઇસ ચેરમેન ચૂંટણી જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળઓ નર્મદાના અધ્યક્ષની હાજરીમાં યોજાઈ હતી. બજાર સમિતિના ચેરમેન તરીકે અરૂણસિંહ રણા અને વાઇસ ચેરમેન તરીકે નાગજી ગોહિલ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. સતત ત્રીજી વખત તેમની પેનલનો વિજય તથા તેમના સમર્થકોએ તેમને વધાવી લીધા હતા.

ભરૂચમાં ૩૦માં માર્ગ સલામતી સપ્તાહનો પ્રારંભ કરાયો



ભરૂચ જિલ્લા પોલીસ, સુરક્ષા સેતું સોસાયટી, બીટીઈટી તથા સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીના સંયુક્ત ઉપક્રમે નાગરિકો અને ખાસ કરીને યુવા ધનમાં માર્ગ સલામતી બાબતે જાગૃત્તિ કેળવવાના ઉદાત હેતુસર રાજય સરકારે ચાલુ વર્ષે ૪ થી૧૦ જાન્યુઆરી દરમિયાન ૩૦મા "રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવાનો નિર્ધાર કરેલ છે. જેની થીમ "સડક સુરક્ષા જીવન રક્ષા" છે. જિલ્લામાં ભરૂચ રેલવે સ્ટેશન સર્કલ ખાતેથી માર્ગ સલામતી સપ્તાહ ઉજવણીનો શુભારંભ જિલ્લા કલેકટર રવિકુમાર અરોરા, એસપી રાજેન્દ્રસિંહ ચુડાસમા, ધારાસભ્ય દુષ્યંત પટેલ, પાલિકા પ્રમુખ સુરભી તમાકુવાલાના હસ્તે કરાવ્યો હતો.

ત્યાર બાદ મહેમાનોએ વાહન ચાલકે અમુલ્ય જિંદગીને બચાવવા હેલમેટ અને સીટ બેલ્ટનો અવશ્ય ઉપયોગ કરવો જોઈએ જનજાગૃતિ અંગે હેલમેટ સાથેની બાઈક રેલીને લીલી ઝંડી આપી હતી.

રાજયના સતત થઈ રહેલ આધુનિક અને રાજયમાં સતત વધતી જતી વાહનોની સંખ્યાને ધ્યાને લેતાં રાજયમાં થતાં માર્ગ અકસ્માતોમાં વધારો નોંધાયો છે. વર્ષ-૨૦૧૮ માં જાન્યુઆરી, સપ્ટેમ્બર-૧૮ દરમિયાન રાજયમાં કુલ ૧૩૯૧૪ માર્ગ અકસ્માતો નોંધાયેલા હતા. જેમાં ૫૯૨૩ વ્યકિતઓએ પોતાના પ્રાણ ગુમાવ્યા હતા. આ પ્રાણ ઘાતક અકસ્માતોમાં યુવાનો વધુ ભોગ બન્યા છે. એટલે કે વય ૧, ૨૨ થી ૩૫ વર્ષના યુવાનો તેનો સૌથી વધુ ભોગ બને છે. રાજય સરકારે આ અકસ્માત દર અને મૃત્યુ દર વધવા બાબતે વર્ષ ૨૦૨૦ સુધીમાં ૫૦ ટકા ઘટાડો લાવવા લક્ષ્યાંક નકકી કરેલ છે. જે માટે રાજય સરકારના તમામ વિભાગો સઘન પ્રયાસો હાથ ધરી રહેલ છે.

કલેક્ટર રવિકુમાર અરોરાએ ભરૂચ જિલ્લા ખાતે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ થયો છે. વાહનચાલકોમાં ટ્રાફિકના નિયમો અંગે જાગૃતિ લાવવા માટે આરટીઓ તથા પોલીસ વિભાગ તરફથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે જેને બિરદાવ્યું હતું. તેમણે ટ્રાફીકના નિયમોનું પાલન કરવા જનતાને અનુરોધ કર્યો હતો. ભરૂચના ધારાસભ્ય દુષ્યંત પટેલે વાહનચાલકો ટ્રાફિકના નિયમોનું પાલન કરતાં ન હોવાથી અકસ્માતના બનાવો બનતા હોય છે. અકસ્માતોનું પ્રમાણ ઓછું કરવા માટે વાહનચાલકોમાં જાગૃતિ લાવવી જરૂરી છે.તેમણે ભરૂચના માતરીયા તળાવ ખાતે તથા અન્ય સ્થળોએ ટ્રાફીક પાર્ક બને અને ટ્રાફીક નિયમનનું શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે જરૂરી સુચનો કર્યા હતા.

જિલ્લા પોલીસ વડા રાજેન્દ્રસિંહ ચૂડાસમાએ ટ્રાફીક સપ્તાહની ઉજવણીમાં જાગૃતિ પ્રત્યે ભરૂચના તમામ નાગરિક સભાન બને અને ટ્રાફીક નિયમોનું પાલન કરે તો ટ્રાફીકની સમસ્યા હળવી બને. તેમણે ટુ વ્હીલર ચાલકો હંમેશા હેલમેટ પહેરે તેવો અનુરોધ કર્યો હતો. ટ્રાફીક ભંગ કરનારને જે દંડ થાય તેનાથી તેમને જાગૃતિ આવે અને વારંવાર ભુલ ન થાય તેની કાળજી રાખે. તેમણે ઉમેર્યું હતું કે, ભરૂચ શહેરમાં ૫૦૦ જેટલાં સી.સી. ટી.વી. કેમેરા ધ્વારા ઓટોમેટીક વાહનચાલકોએ કરેલા ટ્રાફીક નિયમના ભંગ કેપ્ચરીંગ કેમેરામાં થશે. તેમણે માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી પ્રસંગે ટ્રાફીક નિયમન અંગે વિસ્તૃત સમજ આપી હતી. કાર્યક્રમમાં ડી.વાય. એસ.પી, પી.આઈ, પી.એસ.આઇ સહિત મોટી સંખ્યામાં પોલીસ કર્મીઓ અને આરટીઓના માણસો હાજર રહ્યા હતા.

નાસતા ફરતા આરોપીને ઝડપી પાડતી ભરૂચ એસઓજી પોલીસ

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ યુડાસમાનાઓ દ્વારા રાખવામા આવેલ નાસતા ફરતા આરોપીઓ પકડવાની ડ્રાઈવ આધારે પોલીસ ઈન્સપેકટર પી.એન. પટેલ તેમજ પોલીસ સબ ઈન્સપેકટર કે.એમ. ચૌધરી તથા એસ.ઓ.જી. પોલીસ માણસો સાથે પેટ્રોલીગમા હતા દરમ્યાન પો.કો. ભાવસીગભાઈ નગીનભાઈ નાઓની બાતમી આધારે દહેજ પો.સ્ટે. ગુ.ર.નં-૧૦૧/૨૦૧૯ ૧૨૦૩૭૯, ૧૧૪ના ગુનાના કામે નાસતા ફરતા આરોપી પ્રતિકભાઈ અનવરભાઈ રાયસીંગભાઈ વસાવા ઉ.વ.૨૨ રહે- ઉમરઝર, તા. ઉમરપાડા, જી.સુરત નાને ઝાડેશ્વર ચોકડી પાસેથી પકડી પાડી આજરોજ તા.૦૫/૦૨/૨૦૧૯ના કલાક ૦૯/૩૦ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧(૧) આઇ મુજબ અટક કરી દહેજ પોલીસ સ્ટેશનમાં સોપવામાં આવેલ છે.

ભરૂચના કારેલા ગામે જિલ્લા ખેડૂત સમાજનું સંમેલનનું યોજાયું



ભરૂચ તાલુકાના કારેલા ગામે જિલ્લા ખેડૂત સમાજ દ્વારા ખેડૂત સંમેલન યોજાયું હતું. સરકાર દ્વારા બુલેટ ટ્રેન, વડોદરા મુંબઈ એક્સપ્રેસ વે તેમજ ગોલ્ડન કોરિડોર સહિતના પ્રોજેકટમાં ખેડૂતોની જમીન સંપાદન કરવામાં આવી રહી છે.જેમાં પાણીના ભાવે જમીન લઈ લેવામાં આવી રહી હોવાના આક્ષેપ કરવામાં આવ્યા હતા. સાથે જ ભરૂચ નજીક નર્મદા નદી સૂકી ભઠ્ઠ બનતા સિંચાઈના પાણીની ઉભી થયેલ પરિસ્થિતિને પહોંચી વળવા ડેમમાંથી પાણી છોડવાની માંગ કરવામાં આવી હતી. જો આવનારા દિવસોમાં ખેડૂતોની માંગ ન સંતોષાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

સમેલનમાં ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પટેલ, દક્ષિણ ગુજરાત ખેડૂત સમાજના પ્રમુખ જયેશ પટેલ, ભરૂચ જિલ્લા ખેડૂત સમાજના મહેન્દ્રસિંહ કરમરીયા, નિપુલ પટેલ તેમજ ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

રાજપીપળા નગરપાલિકાના ચીફ ઓફિસરની ઝડપી કામગીરીથી શ્રમિક કામદાર કલ્યાણ સંઘમાં આનંદ

રાજપીપળા : રાજપીપળા નગરપાલિકામાં કામ કરતા કર્મચારીઓ પૈકી શ્રમિક કામદાર કલ્યાણ સંઘ સાથે જોડાયેલા કર્મચારીઓના કેટલાક પ્રશ્નો તાત્કાલિક હલ થતા તેઓમાં આનંદ ની લાગણી ફેલાઈ અને આજેસીઓ અમિત પંડ્યાનું સંઘના કર્મચારીઓએ પુષ્પગુચ્છ આપી સન્માન કરી આભાર વ્યક્ત કર્યો હતો .



શ્રમિક કામદાર કલ્યાણ સંઘ ના કાર્યકારી પ્રમુખ આર કે સોલંકી મહામંત્રી નરેન્દ્ર સોલંકી સંઘ મંત્રી કમલેશ સોલંકી સહીત અન્ય સુપરવાઈઝરો એ સીઓનું સન્માન કરી જણાવ્યું કે અમારા આઠ પ્રશ્નો ઘણા સમયથી સોલ થયા ન હોય હાલ એકજ મહિના જેવા ટુંકા ગાળામાં નવા સીઓ અમિતભાઈ પંડ્યા એ એ પૈકીના ત્રણ પ્રશ્નો હલ કર્યા છે જેમાં આરોગ્ય તપાસણી, ગ્રેજ્યુટીની પુરેપુરી રકમ અને રોજિંદા દરના કર્મચારીઓનો ઈ પી એફ નો સમાવેશ થાય છે ત્યારે બાકીના પાંચ પ્રશ્નો પણ જલદી હલ કરશે એવી આશા પણ સંઘના હોદેદારોએ વ્યક્ત કરી સીઓનો આભાર માન્યો હતો.

આજે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત જિલ્લા સુખાકારી સમિતિની બેઠક મળશે

વલસાડ

સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વલસાડ જિલ્લા સુખાકારી સમિતિની બેઠક તા.૬/૨/૧૯ના રોજ બપોરે ૩-૦૦ કલાકે સરદાર પટેલ હોલ-વલસાડ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલની અધ્યક્ષતામાં બેઠક મળશે. આ બેઠકમાં ૧૮-૧૯ના સામુહિક શૌચાલય લક્ષ્યાંક, ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન કામગીરી વગેરે મુદ્દાઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવશે. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને હાજર રહેવા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક દ્વારા જણાવાયું છે.





છે ને ઘોર કલયુગ... સસરાએ પુત્રવધુને કહ્યું મારો પુત્ર અન્ય સ્ત્રી સાથે સબંધ રાખે તો તારે શું વાંધો છે..?!

રાજપીપળાની પરિણીતાને શારીરિક, માનસિક ત્રાસ આપી મુંબઈના સાસરિયાઓએ ૨૫ લાખ દહેજની માંગણી કરતા ફરિયાદ

રાજપીપળાઃઆજના ફાસ્ટ અને ટેકિનકલ યુગમાં પણ દહેજનું દૂષણ ઘટવાનું નામ નથી લેતું. રાજપીપળાની પરિણીતા પાસે દહેજની માંગ સાથે સાસરિયાઓએ શારીરિક અને માનસિક ત્રાસ આપતા પરિણીતાએ રાજપીપળા મહિલા પોલીસ મથકમાં સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.આ કિસ્સામાં જ્યારે પરિણીતાએ પોતાના પતિના મોબાઈલ અને લેપટોપમાં અન્ય સ્ત્રી સાથે પતિના ફોટા જોઈ લેતા પરિણીતાએ ખુલાસો પૂછ્યું તો પતિએ મારઝૂડ કરી અને સસરાએ પોતાના પુત્રનું ઉપરાણું લઈ વધુ દહેજની માંગ કરી હતી.

આ કિસ્સો મહારાષ્ટ્રના મુંબઈનો છે,રાજપીપળાની એક પરિણીતાના લગ્ન મહારાષ્ટ્રા મુંબઈ ખાતેના સિધ્ધિવિનાયક નીવારા લોઅર પરેલ (વેસ્ટ), સીતારામ જાધવ માર્ગ ડીલાઈલ રોડ પર રહેતા નીતીન દુર્ગેશ ચૌહાણ સાથે આજથી એક વર્ષ અગાઉ થયા હતા. દરમિયાન પરિણીતા પોતાના પતિ નીતિનના ફોટા અન્ય સ્ત્રી સાથે નિતીનના જ મોબાઈલ અને લેપટોપમાં જોઈ ગઈ હતી. આ મામલે નિતીન પાસે કવિતાએ ખુલાસો માંગ્યો તો નીતિને કવિતાને માર માર્યો અને વખત જતા અમેરિકા જતો રહ્યો. હવે કવિતા આ ફરિયાદ લઈને પોતાના સસરા દુર્ગેશ સાંકલાજી ચૌહાણ,સાસુ સીતા દુર્ગેશ ચૌહાણ અને રીકુ કૈલાશ પરમાર પાસે ગઈ,ત્યારે સાસુ-સસરાએ પોતાના પુત્રનું ઉપરાણું લઈને કવિતાને એમ કહ્યું કે અમારો પુત્ર અન્ય સ્ત્રી સાથે સબંધ રાખે તો એમા તારું શુ બગડી જવાનું છે.તારા બાપે લગ્ન પેટે જે કંઈ આપ્યું છે તે અમારી હેસિયત મુજબ ખુબજ ઓછુ છે.આ જ કારણે કવિતાનો સાસરિયાઓ વચ્ચે ઝઘડો થતા કવિતાને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.કવિતાના પિતાએ કરિયાવરમાં પંદર તોલા સોનુ અને ત્રણ લાખ રૂપિયા આપેલ હોવા છતા સાસરિયાઓએ બીજા પચ્ચીસ લાખ રૂપિયાની માંગણી કરી હતી.આ મામલે કવિતાએ પોતાના પતિ સહિત સાસરિયાઓ સામે રાજપીપળા મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

પરિણીતાએ પતિના મોબાઈલ અને લેપટોપમાં અન્ય સ્ત્રી સાથે પોતાના પતિને ફોટા જોતા ખુલાસો પૂછ્યો તો પતિએ માર માર્યો

વેરો નહીં ભરાતા લીંબાયત ઝોને ૧૪ જેટલી મિલ્કતો ટાંચમાં લીધી

સુરત

સાઉથ ઈસ્ટ ઝોન લીંબાયતના ડે.કમિશનર સાહેબની સૂચના અને મે.આસી. કમિશનરના માર્ગદર્શન હેઠળ આકારણી અને વેરા વસૂલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૪-૨-૨૦૧૯ના રોજ ભાઠેના વિસ્તારમાં આવેલ મિલેનીયમ માર્કેટ-૨માં વેરા વસૂલાતની ઝુંબેશ કરવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં ૧૪ જેટલી મિલકતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવતા ઘણાં કરદાતાઓએ સ્થળ પર જ રૂા.૨૮,૩૫, ૬૨૫ થી વધુની રકમની વસૂલાત કરી દીધેલ છે.

વધુમાં તા.૩૧ માર્ચ ૨૦૧૯ સુધીમાં સાઉથ ઈસ્ટ ઝોન લીંબાયતમાં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શિયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઈ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે તથા રેસીડેન્સ એરિયામાં બાકીદારોની મિલ્કતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે. આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

પત્નીની છેડતી અને ઠપકો આપવા જનારા પતિ અને પુત્ર પર હુમલો

સુરત

ઓલપાડના ટેકરા ફળીયા ખાતે પત્નીની છેડતી કરવાના એક કિસ્સામાં પતિ અને તેનો પુત્ર કહેવા જતા ઉશ્કેરાઈ ગયેલા સાત ઈસમોએ પુત્રના માથામાં ઈંટ મારી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ જવાનો બનાવ ઓલપાડ પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ઓલપાડ ટેકરા ફળીયા ખાતે ઈફ્તેખાર અબ્દુલ મજીદ શેખ રહે છે. ઓલપાડના પરા વિસ્તારમાં રહેતાં શબ્બીર હામેદ મલેકે ઈસ્તેખારની પત્નીનો હાથ અને દુપટ્ટો ખેંચી શારીરિક છેડતી કરી હતી.

આ બાબતે પતિ તથા તેનો પુત્ર ઝૈદ કહેવા જતા ઉશ્કેરાઈ ગયેલા શબ્બીર હામેદ મલેક, વસીમ રાજા મલેક, રમીઝ રાઝા મલેક, જાહેદા મલેક, નીલોફર મલેક, અસ્માખાન મલેક, મહમદ ગરબાડા વગેરેઓએ ઢીક મુક્કીનો માર મારી ત્યાં પડેલી ઈંટ ઉંચકીને ઝૈદના માથામાં મારી ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. સારવાર માટે ઝૈદને સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પતિ ઈન્તેખાર શેખે ઓલપાડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેડતી તથા મારામારીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગરુડેશ્વરના નાની રાવલ પાસે અજાણ્યા વાહનની ટક્કરે ઝરખનું મોત



રાજપીપળા : ગરુડેશ્વર તાલુકાના નાની રાવલ પાસે અજાણ્યા વાહનની ટક્કરે ઝરખ આવી જતા ઝરખનું મોત થયું હતું ગોરા રેન્જ ના વન કર્મીઓ તાત્કાલિક દોડી આવી આ ઝરખનું પીએમ કરાવી તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ વન ધારા અધિનિયમ સિડ્યુલ ૪ નું પ્રાણી ગણાતું ઝરખ સુલપાણેશ્વર ના અભિયારણમાં વધુ સંખ્યામાં છે જે પાણી અને ખોરાકની શોધમાં રહેઠાણ વિસ્તારોમાં આવી જાય છે ત્યારે ગત મધ્ય રાત્રીના ગરુડેશ્વર તાલુકાના નાની રાવલ ગામ પાસથી હાઈવે ક્રોસ કરવા જતા આ મોટું ઝરખ કોઈ વાહનની ટક્કરે ફંગોળાઈ ગયું હતું માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી સાથે પેટ અને પગના ભાગે પણ ઈજાઓ થતા ઝરખનું ઘટના સ્થળે મોત નીપજયું હતું ઘટનાની જાણ થતા ગોરા રેન્જના આર.એફ.ઓ વિરેન્દ્રસિંહ ઘરિયા સાથે તાત્કાલિક વન કર્મીઓની ટીમ ઘટના સ્થળે પહોંચી ઝરખનું પીએમ કરી તેની અંતિમક્રિયા કરી હતી.

વરાછા ઝોને કરંજ ટીપી ત્રણના રસ્તાનો કબજો મેળવી લીધો

સુએઝ ટ્રીટમેન્ટ પલાન્ટની પાઈપ લાઈનનું કામ શરૂ કરાયું

સુરત

સુરત મહાનગરપાલિકાના જુનો પૂર્વ વરાછા ઝોન -એમાં સમાવિષ્ટ ટી.પી. સ્કીમ નં.૩ કરંજ, ફા. પ્લોટ નં.૧૪૨+૧૪૩ની વચ્ચેથી પસાર થતો ૧૮.૦૦ મી. પહોળાઈના ટી.પી. રસ્તાનો આશરે ૨૮૮૦.૦૦ ચો.મી.ના માપ વિસ્તારમાં કબજો લેવામાં આવેલ છે. તેમજ સદર રસ્તા ઉપર ઘણાં લાંબા સમયથી પેન્ડિંગ ડ્રેનેજ પંપીગ સટેશનથી કરંજ સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ સુધી રાઈઝીંગ મેઈન પાઈપ લાઈન નાંખવાની કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જેના કારણે કરંજ વિસ્તારમાં એસટીપી અપગ્રેડેશનની કામગીરી પૂર્ણ થશે. જેથી કરંજ વિસ્તારનો ડ્રેનેજ ઓવરફ્લોના પ્રશ્નનું મહદ્અંશે નિવારણ થશે.

ઉક્ત કામગીરી મે.એડી. સીટી ઈજનેરની સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરના માર્ગદર્શન હેઠળ શહેરી વિકાસના સ્ટાફ, દબાણ ખાતાનો સ્ટાફ, સિક્યુરિટી સ્ટાફ તથા વરાછા પોલીસ સ્ટેશનના પોલીસ પ્રોટેકશન સહિત પાર પાડવામાં આવેલ છે.

વલસાડ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતો ધ્યાન આપે

વલસાડ

વલસાડ જિલ્લામાં બાગાયતી ખેતી કરતા ખેડૂતો કે જેમણે ૨૦૧૮-૧૯ના વર્ષમાં ઁ-ખેડૂત પોર્ટલ ઉપર સહાય મેળવવા અરજી કરી છે. તેમની અરજી સંદર્ભે મંજૂરી મળી હોય પરંતુ સાધન ખરીદીના બીલ તથા અન્ય સાધનિક કાગળો તા.૧૫/૦૨/૨૦૧૯ સુધીમાં નાયબ બાગાયત નિયામકની કચેરી, સેવાસદન-૧, પહેલા માળે, ધરમપુર રોડ, વલસાડને મોકલી આપવા તેમજ આ અંગે વધુ જાણકારી માટે કચેરીનો રૂબરૂ અથવા ફોન નંબર ૦૨૬૩૨-૨૪૩૧૮૩ ઉપર સંપર્ક સાધવા નાયબ બાગાગત નિયામક નીતિનભાઈ પટેલ દ્વારા જણાવાયું છે.

પાંડેસરામાંથી ૯ વર્ષીય બાળકી ગુમ

સુરત

પાંડેસરા વિસ્તારમાં રહેતી નવ વર્ષિય છોકરી ગુમ થઈ હતી. આ અંગે ગુમ થનાર છોકરીના પિતાએ પાંડેસરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પાંડેસરા પોલીસે હાલ તુરંત અપહરણનો ગુનો દર્જ કરી તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે. આ છોકરી ગત તા. ૪/૨/૧૯ના રોજ સવારથી ગુમ થઈ હતી.

પાંડેસરા પોલીસે ગુમ થયેલી ૯ વર્ષની બાળકીની શોધખોળ આદરી હતી તેમ છતાં આજે બપોર સુધી બાળકીનો પતો નહીં મળતા કોઈક બાળકીનું અપહરણ કરી ગયું હોય તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી છે.









